RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 291* Date: 19.08.2020 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રૂપાણી સરકારે મહાનગરોને વિશ્વકક્ષાના શહેરોની સમકક્ષ બનાવવાનો માર્ગ મોકળો કર્યો

# રાજ્યના ૫ શહેરોમાં બનશે ૭૦ માળથી વધુની ગગનચૂંબી બિલ્ડિંગો

### ઊંચી ઈમારતો માટેનાં નિયમોમાં મહત્વપૂર્ણ જોગવાઈ, ટૉલ બિલ્ડિંગની આ જોગવાઈ ૧૦૦ મીટરથી વધુ ઉંચાઈના બિલ્ડિંગ્સને લાગુ થશે

ગાંધીનગર,તા.૧૮

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના મહાનગરોને આધુનિક ઓપ આપી વિશ્વકક્ષાના શહેરો સમકક્ષ બનાવવાનો માર્ગ મોકળો કર્યો છે. રાજ્યમાં હાલ નિયમો મુજબ વધુમાં વધુ ૨૨-૨૩ માળના ઊંચા મકાનોના સ્થાને હવે ૭૦થી વધુ માળની ઈમારતો-આભને આંબતા બિલ્ડીંગ સ્ટ્રકચરનું નિર્માણ થઇ શકશે. મુખ્યમંત્રીએ રાજ્યમાં ઊંચી ઈમારતો, ટોલ બિલ્ડીંગ્સ માટેના જે નિયમો મંજૂર કર્યા છે. તેમાં કેટલીક મહત્વપૂર્ણ જોગવાઈઓ રાખવામાં આવી છે. ટોલ બિલ્ડીંગની આ જોગવાઇ ૧૦૦ મીટરથી વધુ ઊંચાઇના બિલ્ડીંગ્સને લાગુ થશે. તેમજ બિલ્ડીંગનો આસ્પેક્ટ રેશીયો (લઘુત્તમ પહોળાઇ: ઊંચાઇ) ૧:૯ કે વધુ હોય તેને લાગુ થશે.

રાજ્યના પાંચ મહાનગરોમાં હવે સિંગાપોર-દુબઇની જેમ સ્કાય સ્કેપર્સ,-ગગનચૂંબી ઈમારતો-આઇકોનિક સ્ટ્રકચર્સના બાંધકામને પરવાનગી અપાશે. મુખ્યમંત્રી રૂપાણીએ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગર એમ પાંચ મહાનગરોની આગવી ઓળખ ઊભી થઇ શકે તેવી ઈમારતોના બાંધકામ માટે હાલ અમલી CGDCR-૨૦૧૭માં ટોલ બિન્ડિંગ–ઊંચી ઈમારતો માટેના રેગ્યુલેશન્સ આમેજ કરવાનો નિર્ણય કર્યો છે.



રાજ્યમાં હાલ પ્રવર્તમાન નિયમો મુજબ વધુમાં વધુ ૨૨-૨૩ માળના ઊંચા મકાનોના સ્થાને હવે ૭૦થી વધુ માળની ઈમારતો-આભને આંબતા બિલ્ડીંગ સ્ટ્રકચરનું નિર્માણ થઇ શકશે. મુખ્યમંત્રીએ રાજ્યમાં ઊંચી ઈમારતો, ટોલ બિલ્ડીંગ્સ માટેના જે નિયમો મંજૂર કર્યા છે તેમાં કેટલીક મહત્વપૂર્ણ જોગવાઈઓ રાખવામાં આવી છે. જે નીચે મુજબ છે.

બિલ્ડીંગની આ જોગવાઇ ૧૦૦ મીટરથી વધુ ઊંચાઇના બિલ્ડીંગ્સને લાગુ થશે. તેમજ બિલ્ડીંગનો આસ્પેક્ટ રેશીયો (લઘુત્તમ પહોળાઇ : ઊંચાઇ) ૧:૯ કે વધુ હોય તેને લાગુ થશે. વધુમાં આ જોગવાઇ D1 કેટેગરીમાં AUDA/SUDA/VUDA/RUDA અને GUDA માં એવા વિસ્તારમાં લાગુ થશે, જ્યાં હાલ CGDCR મુજબ બેઈઝ FSI ૧.૨ કે તેથી વધારે મળવાપાત્ર છે. આ પ્રકારના બિલ્ડીંગ્સની ચકાસણી માટે સ્પેશયલ ટેકનીકલ કમિટીની રચના થશે.

સત્તામંડળમાં અરજી કર્યા બાદ સ્પેશ્યલ ટેકનીકલ કમીટી (STC) દ્વારા ચકાસણી અને મંજૂરી માટે ભલામણ કરાશે. ૩૦ મીટર પહોળાઇના કે તેથી વધુ પહોળાઇના ડી.પી., ટી.પી.ના રસ્તા પર મળવાપાત્ર થશે. ૧૦૦થી ૧૫૦મીટર ઉંચાઇ માટે લઘુત્તમ પ્લોટ સાઇઝ ૨૫૦૦ ચો.મીટર. ૧૫૦ મીટરથી વધુ ઉંચાઇ માટે લઘુત્તમ પ્લોટ સાઇઝ ૩૫૦૦ ચો.મીટરની જોગવાઈ કરવામાં આવશે.

મહત્તમ FSI ૫.૪ મળવાપાત્ર થશે. જેમાં જે-તે ઝોનની બેઈઝ FSI £e FSI તરીકે તથા બાકીની FSI પ્રિમીયમ-ચાર્જેબલ FSI તરીકે મળશે. તેમાં પ્રિમીયમ FSIનો ચાર્જ ૫૦ ટકા જંત્રીનો દર ખૂલ્લા બિનખેતીના પ્લોટનો જંત્રીદર ગણાશે. હેણાંક / વાણિજયક / રીક્રીએશન અથવા આ ત્રણેયનો ગમે તે મુજબ મીક્સ યુઝ / વપરાશ મળવાપાત્ર થશે.

પાર્કિંગમાં ઈલેક્ટ્રીક ચાર્જીંગની ફેસીલીટી ફરજીયાત રાખવાની રહેશે. વીન્ડ ટનલ ટેસ્ટ ફરજીયાત રહેશે તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવાના રહેશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, અમદાવાદ સહિત રાજ્યના આર્થિક પાટનગર સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર શહેરોનો વિકાસ અને જીડીપીમાં સિંહફાળો છે. એટલું જ નહિ, શહેરી વિસ્તારમાં રોજગારીની તકો વધુ હોવાથી અને ગ્રામ્ય વિસ્તારમાંથી સ્થળાંતર તેમજ કુદરતી વિકાસના કારણે મકાનોની માંગ દિન પ્રતિદિન વધે છે, તેથી જમીનોની કિંમત પણ ઘણી વધી જાય છે.

શહેરના આયોજિત વિસ્તારની સર્વિસ લેન્ડનો મહત્તમ ઉપયોગ થઇ શકે અને વધુ લોકોનો સમાવેશ કરી શકાય તે માટે વર્ટીકલ ડેવલપમેન્ટ જરૂરી છે. જમીનોની કિંમત ઓછી થાય અને મકાનો સસ્તા થતાં સામાન્ય માનવીને પરવડે તેવા એફોર્ડેબલ મકાનો મળી શકે. આવા વિકાસલક્ષી અભિગમથી મુખ્યમંત્રીએ ટોલ બિલ્ડીંગ-ગગનચૂંબી ઈમારતોના નિર્માણ માટે મંજૂરી આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરેલો છે.

### સુપ્રીમે પીએમ કેર્સ ફંડને એનડીઆરએફમાં ટ્રાન્સફર કરવાની માગ ફગાવી

# PM કેર ફંડને NDRFમાં ટ્રાન્સફર કરવાના આદેશ આપી શકતા નથી: SC



ન્યુ દિલ્હી,તા.૧૮

સુપ્રીમ કોર્ટે પીએમ કેર્સ ફંડને એનડીઆરએફમાં ટ્રાન્સફર કરવાની માગ ફગાવી દેવાઈ છે. અરજીકર્તાઓને સુપ્રીમ કોર્ટમાંથી આંચકો લાગ્યો છે.

સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યુ કે પીએમ કેર્સ ફંડ પણ ચેરિટી ફંડ જ છે. રકમ ટ્રાન્સફર કરવાની જરૂર નથી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યુ છે કે કોઈ પણ વ્યક્તિ અથવા સંસ્થા એનડીઆરએફમાં રકમ દાન કરી શકે છે.

સુપ્રીમ કોર્ટે કહ્યુ કે નવેમ્બર ૨૦૧૯માં બનાવવામાં આવેલી એનડીઆરએફ કોરોના સંકટથી ઉકેલ માટે પર્યાપ્ત છે. કોઈ નવુ એક્શન પ્લાન ન્યુનતમ માનાંકોને અલગ કરવાની જરૂર નથી.

અરજીકર્તા એનજીઓ, સેન્ટર ફૉર પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશને દાવો કર્યો હતો કે ડીએમ એક્ટ હેઠળ કાનૂની આદેશનું ઉલ્લંઘન કરતા પીએમ કેર્સ ફંડ બનાવવામાં આવ્યુ હતુ. અરજીમાં કહેવામાં આવ્યુ હતુ કે ડીએમ એક્ટ અનુસાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે કોઈ પણ વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા આપવામાં આવેલુ કોઈ પણ દાન અનિવાર્ય રીતે એનડીઆરએફને ટ્રાન્સફર કરવુ જોઈએ.

કેન્દ્ર સરકારે ૮ જુલાઈએ સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ પોતાના સોગંદનામામાં આ તર્કને ફગાવી દીધો હતો. સરકારે કહ્યુ હતુ કે પીએમ કેર્સ ફંડ રાહત કાર્ય કરવા માટે સ્થાપિત એક ખજાનો છે અને અતિતમાં આ રીતે કેટલાક આવા ખજાના બનાવી ચૂકાયા છે.

### દેશમાં કુલ કેસ ૨૭,૦૨૭૪૨, મૃત્યુઆંક ૫૧૭૯૭એ પહોંચ્યો

# ૨૪ કલાકમાં કોરોનાના ૫૫,૦૭૯ પોઝિટિવ કેસ: ૮૭૬ દર્દીનાં મોત



ન્યુ દિલ્હી,તા.૧૮

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા થોડા સમયથી કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે મંગળવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૨૭ લાખ ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૫૫૦૭૯ કેસ નોંધાતા કુલ કેસ ૨૭૦૨૭૪૨ થઈ ગયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૭૯૩૭ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે.

### છેલ્લા ૧૪ દિવસમાં દુનિયામાં કોરોનાના સૌથી વધારે કેસ ભારતમાં નોંધાયા

આ સાથે જ આ આંકડો વધીને ૧૯૭૭૭૭૯ સુધી પહોંચી ગયો છે એટલે કુલ કેસમાંથી ૭૩.૧૮ ટકા દર્દી રિકવર થઇ ચૂકયા છે. મહારાષ્ટ્ર, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક એવા રાજય છે જયાં રિકવરી રેટ હજુ બાકી જગ્યા કરતા ઓછો છે. દિલ્હીનો રિકવરી રેટ સૌથી સારો છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૮૭૬ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૧૭૯૭ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૬૭૩૧૬૬ એક્ટિવ કેસ છે.

ભારતે છેલ્લાં ૨૪ કલાકમાં રેરોકડ ૮.૯૭ લાખ ટેસ્ટસ કર્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશમાં કોવિડ ટેસ્ટિંગ લેબ્સની સંખ્યા વધીને ૧૪૭૬ થઇ ગઇ છે. તેમાંથી ૯૭૧ સરકારી લેબ્સ છે જયારે ૫૦૫ પ્રાઈવેટ લેબ્સ છે. દેશમાં અત્યાર સુધી કોરોનાના ૩,૦૯,૪૧,૨૬૪ ટેસ્ટ થઇ ચૂકયા છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૧૮૮૧૪૨૧ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૭૭૪૦૨૮ લોકોના મોત નિપજયા છે જયારે ૧૩૮૮૮૪૦૩ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૨૧૮૯૯૦ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

### મધ્યપ્રદેશની શિવરાજ સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

# માત્ર મધ્યપ્રદેશના યુવાનોને સરકારી નોકરી મળે તેવો કાયદો લાવીશુ: મુખ્યમંત્રી

ભોપાલ,તા.૧૮

મધ્યપ્રદેશ સરકારની તમામ નોકરીઓ હવે મધ્યપ્રદેશના જ રહેવાસી લોકો માટે જ આરક્ષિત રહેશે. આ જાહેરાત મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણએ કરી છે. તેઓએ જણાવ્યું કે, ‘‘એ માટે જરૂરી કાયદાકીય ફેરફાર ટૂંક સમયમાં જ રજૂ કરવામાં આવશે. CM શિવરાજસિંહ ચૌહાણએ કહ્યું કે, ‘‘મારા પ્રિય દેશવાસીઓ, આપણાં દીકરાં-દીકરીઓને ધ્યાનમાં રાખી અમે એક મહત્વનો નિર્ણય કર્યો છે કે મધ્યપ્રદેશમાં સરકારી નોકરીઓ હવે માત્ર મધ્યપ્રદેશનાં દીકરાં-દીકરીઓને જ અપાશે. એટલાં માટે ફરજિયાત કાયદાકીય જોગવાઇ લાવવામાં આવી રહી છે. પ્રદેશનાં સંસાધનો પર પ્રદેશનાં બાળકોનો જ અધિકાર છે.’’ નોંધનીય છે કે રાજ્યની ૨૭ વિધાનસભા સીટો પર પેટાચૂંટણી યોજાવાની છે. વિધાનસભા પેટાચૂંટણી પહેલાં સીએમ શિવરાજ સિંહ ચૌહાણ અનેક પ્રજાવાદી જાહેરાત કરી ચૂકેલ છે. આ પહેલાં પણ સીએમ શિવરાજ સિંહએ જાહેરાત કરી હતી કે, ‘‘આદિવાસીઓને શાહુકારોનાં જાળમાંથી બચાવવા માટે અમે નવો કાયદો લાવી રહ્યાં છીએ.

તમને જણાવી દઇએ કે આ પહેલાં કમલનાથ સરકારે ઉદ્યોગોમાં ૭૦ ટકા રોજગાર સ્થાનીય રહેવાસીઓને જ આપવાનો નિર્ણય કર્યો હતો.’’ કમલનાથ સરકારનાં નિર્ણય અનુસાર, રાજ્યમાં રહેલા ઉદ્યોગોમાં ૭૦ ટકા સ્થાનીય એટલે કે મધ્યપ્રદેશનાં મૂળ રહેવાસી હોવું ફરજિયાત કરી દેવાયું હતું.

આ અંતર્ગત સરકારી યોજનાઓ, ટેક્સમાં છૂટનો લાભ ઉદ્યોગપતિ ત્યારે જ ઉઠાવી શકશે કે જયારે તેઓ ૭૦ ટકા રોજગાર મધ્યપ્રદેશનાં લોકોને આપશે. શિવરાજ સિંહએ મંગળવારનાં રોજ વીડિયો કોન્ફરન્સિંગને આધારે મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં તેઓએ ૧૫ ઓગસ્ટ ૨૦૨૦નાં પોતાના સંબોધનમાં કરવામાં આવેલી જાહેરાતોના અમલને લઇને આવશ્યક નિર્દેશ આપ્યાં.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા: ૧૧૨૬**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૮૦૯૪૨**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૨૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા : ૧૧૩૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૬૩૮૧૦**

### તાજેતરમાં જ કોરોના સામે મેળવી હતી જીત

# થાક-શરીરમાં કળતરની ફરિયાદ બાદ અમિત શાહ એમ્સમાં દાખલ

ન્યુ દિલ્હી,તા.૧૮

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને નવી દિલ્હી સ્થિત એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા છે. ડૉક્ટરોની એક ટીમ તેમની પર નજર રાખી રહી છે. તાજેતરમાં જ અમિત શાહે કોરોના સામે જીત મેળવી છે. જયાં ડૉક્ટર રણદીપ ગુલેરિયાની અધ્યક્ષતામાં ડૉક્ટર્સની ટીમ તેમની પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી છે.

ગૃહ મંત્રી અમિત શાહને મોડી રાતે લગભગ ૨ વાગે એઈમ્સમાં દાખલ કરવામા આવ્યા છે. તેમને જૂના પ્રાઈવેટ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. એઈમ્સ ડાયરેક્ટર ડૉક્ટર રણદીપ ગુલેરિયાની અધ્યક્ષતામાં એક ટીમ તેમની સારસંભાળમાં લાગેલી છે. તેમને સામાન્ય તાવ હતો. જે બાદ જ તેમને એઈમ્સમાં એડમિડ કરવામાં આવ્યો છે.

૧૪ ઓગસ્ટે જ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહનો કોરોના રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો. અમિત શાહ કોરોના નેગેટીવ હોવાની જાણકારી ખુદ ટ્વીટ કરીને આપી હતી. જે બાદ તેમને મેદાંતા હોસ્પિટલમાંથી રજા મળી ગઈ હતી અને તેમને હોમ આઈસોલેશનમાં રહેવાની સલાહ આપવામાં આવી હતી. કાલે રાતે તેમને સામાન્ય તાવ હતો. જે બાદ તેમને એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા છે.

અમિત શાહ મેદાંતા હોસ્પિટલમાં કોરોના પોઝિટીવ થયા બાદ ૨ ઓગસ્ટે દાખલ થયા હતા. શાહને કોરોના પોઝિટીવ આવ્યા બાદ સામાન્ય લોકોથી લઈને મોટી હસ્તીઓએ તેમના સાજા થવાની પ્રાર્થના કરી હતી. ૧૨ દિવસ બાદ એટલે કે ૧૪ ઓગસ્ટે અમિત શાહનો કોરોના રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# બિહાર ચૂંટણીમા સુશાંત સિંહના મોતનો મુદ્દો પણ શહીદોનો નહીં શા માટે....?

દેશને આઝાદી મળ્યા બાદ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ થી લઈને વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈજીના કાર્યકાળમાં પ્રજાના સહયોગથી બનેલા જાહેર સાહસો અને કંપનીઓની વિગતો ગત લેખમાં આપી હતી.એજ વડા પ્રધાનોના સમયમા દેશમાં મોટા ભાગના ગાંધી પરિવારના ઉલ્લેખ સાથેના ૨૩ જેટલા નામી સ્ટેડિયમો બન્યા હતા, એરપોર્ટ અને બંદરો ૫ બન્યા હતા, વિશ્વ વિદ્યાલયો અને શિક્ષણ તાલીમ સંસ્થાનો મળીને ૯૯ જેટલા બન્યા હતા, તો ૫૦ તો વિવિધ પુરસ્કારો આપવામાં આવતા હતા. સામાન્ય વર્ગના,ગરીબ-પછાત વર્ગના વિદ્યાર્થીઓને લગભગ ૧૫ જેટલી છાત્રવૃતિ અને ફેલોશીપ આપવામાં આવતી હતી. જયારે કે રાષ્ટ્રીય સ્તરના ઉદ્યાનો-અભયારણ્યો અને સંગ્રહસ્થાનો મળીને ૧૫ જેટલા વિવિધ રાજ્યોમાં ઊભા કર્યા હતા.

દેશભરમાં સામાન્ય વર્ગ,ગરીબ-મજૂર વર્ગ માટે લોકોને મેડિકલ ફ્રી સેવા આપવા ૪૦ જેટલી હોસ્પિટલો અને સારવાર સંસ્થાનો ઉભા કરવામાં આવ્યા હતા. દેશના વિવિધ રાજ્યોમાં વિવિધ સંસ્થાઓ અને ઉત્સવો માટે ૩૭ જેટલા મથકો ઉભા કરાયા હતા. વિવિધ વિકાસ કામો માટે સડકો, ભવનો અને કલાકૃતિ કેન્દ્રો મળીને ૭૭ જેટલા ઉભા કર્યા હતા કે બનાવવામાં આવ્યા હતા. તો સંજય ગાંધીના નામથી વિવિધ ૩૦ ઉપરાંત સંસ્થાનો ઉભા કરવામાં આવ્યા હતા, અને આ તમામ સંસ્થાનો ગાંધી પરિવારના નામથી જોડાયેલા છે. ટૂંકમાં દેશના વિકાસના કામોમાં અગાઉની સરકારોએ જે કર્યું છે તે હવેની સરકારો આધુનિક સાધનો હોવા છતાં લોક વિકાસ કે દેશ વિકાસના કામો કરી શકી નથી....! તે એક હકીકત હોવાનું આઝાદી સમયના વૃદ્ધે વાત કરતાં કહ્યું હતું કે તે સમયમાં ભ્રષ્ટાચારનું નામોનિશાન ન હતું તેમ કહીયે તો જરા પણ ખોટું નથી જોકે ભારત આઝાદ થયું ત્યારબાદ ૩૦ થી ૩૫ વર્ષ સુધી એક પણ સરકારમાં ભ્રષ્ટાચાર હતો જ નહીં..... પરંતુ પછીથી ભ્રષ્ટાચાર શરૂ થયો પરંતુ ખીચડીમાં મીઠું નાખીએ તેટલો જ હતો.....! તેમ કહી શકાય. અને અત્યારની વાત જ શું કરવી.....?

દેશના રાજકીય ક્ષેત્રો અને જાગૃત તથા શિક્ષિત લોકોમાં ન્યૂઝ ચેનલો પર સુશાતસિંહના મોતને વિશેષ સ્થાન આપવામાં આવી રહ્યું છે જે યોગ્ય કહી ન શકાય.... જાગૃત લોકો વચ્ચેની સવાલી ચર્ચાઓમાં ચર્ચા હતી કે સુશાંત સિંહના મૃત્યુના બીજા દિવસથી ન્યૂઝ ચેનલો પર સુશાંતની હત્યા બાબતના નિત નવા સમાચારો ડિબેટો સવિશેષ સતત ચલાવવામાં આવી રહી છે તેનું કારણ શું....? સીબીઆઈને તપાસ સોંપી દીધી છે છતાં સુશાતના સમાચાર કે ચર્ચાઓ શા માટે....? આવા સમયે સવાલ ઉઠે છે કે પુલવાના હુમલામાં આપણા જવાનો શહીદ થયા તેને એક વર્ષ થઈ ગયું છતાં તેની તપાસ ક્યાં પહોંચી કે તેમાં કોનો હાથ હતો તેની કોઈ ચર્ચા નહીં....તો સમાચારો નહીં કે ડિબેટ પણ નહીં.....! તો ચીનમાં આપણા ૨૦ જવાનોને શહિદ કરી નાખ્યા છતાં ન્યૂઝ ચેનલોના મોઢે તાળા... ચીની સૈનિકો ભારતીય સરહદમાં ઘુસી ગયા છે અડિંગો જમાવી દીધો છે... પરંતુ તેના પર નાતો ચર્ચા છે કે ના તો ડિબેટ કે સમાચારો તેનું કારણ શું....?

આ કેવો દેશ પ્રેમ...? ત્યારે બીજી તરફ બિહારમાં ચૂંટણી મુદ્દામાં સુશાતસિહના મોતનો મુદ્દો ચગાવી મત માગવા નીતિશકુમાર-તેમનો પક્ષ અને ભાજપાના પ્રયાસો શરૂ થઈ ગયા છે તે કારણે ત્યાંના લોકો કહે છે લાશ ઉપર રોટલા શેકવા નીકળ્યા લાગે છે....! તો બીજી તરફ ભારે પૂર અને વરસાદને કારણે અનેક ગામો તબાહ થઈ ગયા છે.જન જીવન ઠેબે ચડી ગયું જે-તે નહસ થઈ ગયું છે. આવા સમયમાં પૂર પિડીતોની વચ્ચે ભાજપાના સઃસદ પહોંચી ગયા હતા અને લોકો સાથે સહાય બાબતે વાત શરુ કરી અને લોકો ભડક્યા હતા કારણ આ પિડીતોને કોઈ પણ સરકારી સહાય મળી ન હતી અને લોકો સાથે તુ તું મેં મેં થઈ ગઈ અને લોકાક્રોશ ભડકી ઉઠતા લોકો સાંસદ ઉપર તૂટી પડ્યા હતા અને ઝાપટો-લાતો મારવા સાથે ખુરશીઓ ફેંકી હતી જેથી બચવા માટે સાંસદને ભાગવું પડ્યું હતું. જેના વીડિઓ પણ વાયરલ થયા છે... તો બિહારમાં હાલત કેવી હશે....?આને બિહાર ચૂંટણીમાં કોના કેવા હાલ થશે... તે કોઈ પણ કહી શકે તેમ નથી.. કારણ ચૂંટણીમાં લોકોનો મૂડ અગત્યનું સ્થાન બની રહેશે....! વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૧૯-૮-૨૦૨૦, બુધવાર, શ્રાવણ વદ-અમાસ,એકમનો ક્ષય
સૂર્યોદય-૬-૨૭, સૂર્યાસ્ત-૭-૧૩, જૈન નવકારશી-૭-૧૫,
આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્ર: મઘા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૨૭થી લાભ-અમૃત-૯-૩૮ સુધી, ૧૧-૧૪ થી શુભ-૧૨-૫૦ સુધી, ૧૬-૦૨ થી ચલ-લાભ-૧૯-૧૪ સુધી, ૨૦-૩૮થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૦ સુધી

**- શુભ હોરા-**

૬-૨ થી ૮-૩૫ સુધી,૯-૩૮થી ૧૦-૪૨-સુધી,૧૨-૫૦થી ૧૬-૦૨ સુધી,૧૭-૦૬ થી ૧૮-૧૦ સુધી

# સતત ત્રીજા દિવસે પેટ્રોલના ભાવમાં વધારો: ડિઝલના ભાવ સ્થિર

ન્યુ દિલ્હી,તા.૧૮

થોડા દિવસ નિરાંત રહ્યા પછી હવે ફરી પેટ્રોલના ભાવમાં વધારાની પરંપરા શરૂ થઇ ગઇ હતી. સતત ત્રીજે દિવસે પેટ્રોલના ભાવ વધ્યા હતા. રવિવાર ૧૬ ઑગષ્ટથી ભાવવધારો શરૂ થઇ ગયો હતો. આજે મંગળવારે સતત ત્રીજા દિવસે પેટ્રોલના ભાવ વધ્યા હતા.

દિલ્હીમાં લીટરે ૧૬ પૈસા, મુંબઇમાં લીટરે ૧૪ પૈસા, ચેન્નાઇમાં લીટરે ૧૨ પૈસા અને કોલકાતામાં લીટરે ૧૩ પૈસા ભાવ વધ્યા હતા. જો કે આજે સતત ૧૭મે દિવસે ડિઝલના ભાવ સ્થિર રહ્યા હતા.

ઇન્ડિયન ઓઇલની વેબસાઇટ પર જણાવાયા મુજબ દિલ્હી,કોલકાતા, મુંબઇ અને ચેન્નાઇમાં પેટ્રોલના ભાવ અનુક્રમે વધીને રૂપિયા ૮૦.૯૦, રૂ.૮૨.૪૩, રૂ. ૮૭.૫૮ અને રૂ. ૮૩.૯૯ થઇ ગયા હતા. બજારના જાણકારોના કહેવા મુજબ ચીને અમેરિકાનું કાચું તેલ ખરીદવાની પ્રક્રિયા શરૂ કરી હોવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા ક્રૂડ તેલના ભાવમાં તેજી આવી હતી.

બેન્ચમાર્કર કાચું તેલ બેન્ટ્ર ક્રૂડના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં બેરલ દીઠ ૪૬ ડૉલર્સ થઇ જતાં ભાવ ઊંચકાયા હતા.. અગાઉ બેન્ટ્ર કાચા ક્રૂડના ભાવ બેરલે ૪૪ ડૉલર્સ હતા.આ જાણકારો કહે છે કે કેન્દ્ર સરકાર ધારે તો પેટ્રોલના ભાવ ઘટાડી શકે છે એ માટે કેન્દ્રની અને રાજ્યોની ઓક્ટ્રોય ડ્યૂટી ઘટાડવી પડે.

# બોયકોટ ચાઇના વચ્ચે ચીનની સરકારી બેંક ICICIમાં ૧૫ હજાર કરોડનું રોકાણ કરશે

બેઇજિંગ,તા.૧૮

ભારતમાં સૈનિકો સાથેની અથડામણ બાદ દેશમાં ચીનના માલના સામાનના બહિષ્કાર અને ચીન વિરોધી માહોલ સર્જાયો હતો. પણ બોયકોટ ચાઈનાની મુહિમ વચ્ચે એક આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. ચીનની સરકારી બેંક પીપલ્સ બેંક ઓફ ચાઈનાએ આઇસીઆઇસીઆઇ બેંકમાં ભાગેદારી ખરીદી છે. જો કે, જાણકારોનું કહેવું છે કે, આ ખરીદી દેશહિત માટે કોઈપણ રીતે ખતરો નહીં બને.

ગત વર્ષે માર્ચમાં ચીનની બેંકે એચડીએફસી બેંકમાં પોતાનું રોકાણ વધારીને ૧ ટકાથી વધારે કર્યું હતું. ત્યારે પણ આ મામલે ખુબ જ હંગામો થયો હતો. પીપલ્સ બેંક ઓફ ચાઈના મ્યુચ્યુઅલ ફંડ, વીમા કંપનીઓ સહિત ૩૫૭ સંસ્થાગત રોકાણકારોમાં સામેલ છે જેઓએ હાલમાં આઇસીઆઇસીઆઇ બેંકમાં ૧૫ હજાર કરોડ રૂપિયાથી વધારેનું રોકાણ કર્યું છે. આઈસીઆઈસીઆઈ બેંકે ફાયનાન્સ ભેગુ કરવા માટે રોકાણકારો પાસેથી પૈસા એકત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો અને આ ટાર્ગેટ ગત અઠવાડિયે પૂર્ણ થયો હતો. ચીનની કેન્દ્રીય બેંકે આઇસીઆઇસીઆઇમાં ફક્ત ૧૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે અને આ રોકાણ ક્વોલિફાઈડ ઈન્સ્ટીટ્યુશનલ પ્લેસમેન્ટ મારફતે થયું છે. અન્ય વિદેશી રોકાણકારોમાં સિંગાપોરની સરકાર, મોર્ગન ઈન્વેસ્ટમેન્ટ, સોસાઈટે જનરાલે વગેરે સામેલ છે.

# પ્રશાંત ભૂષણને નહીં;સત્યને સજા થઈ છે!

કોઈ પણ વ્યક્તિ 'માનવહ્ન તરીકે જીવવાની ઝંખના ધરાવે છે. માનવ તરીકે જીવવા માટે સ્વતંત્રતા જોઈએ. સ્વતંત્રતાને અવરોધ કરતા પરિબળો ક્યા ક્યા છે? રુઢિચુસ્તતા/ ધર્મજડતા/ સાંસ્કૃતિક મિથ્યાભિમાન/ બદનક્ષી/ધારાસભા-સંસદનો તિરસ્કાર/વિશેષાધિકારો/ સેન્સરશિપ/ગુપ્તતા/વૈચારિક સરમુખત્યારશાહી/ સત્તાનો હસ્તક્ષેપ/ઈજારાશાહી/ અદાલતનો તિરસ્કાર વગેરે. સ્વતંત્રતા એટલે અંકુશ કે નિયંત્રણનો અભાવ. વ્યક્તિની મનુષ્ય તરીકેની જે ઢંકાયેલી સંભાવનાઓ છે, તેને ખુલ્લી થવાના માર્ગમાં જે નિયંત્રણો છે, તેને દૂર કરીએ તો જ 'વ્યક્તિહ્ન 'માનવહ્ન બની શકે. રાજ્યના સંદર્ભમાં સ્વતંત્રતા એટલે શાસકને સવાલ પૂછવાની સ્વતંત્રતા; માહિતી પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા; ટીકા કરવાની સ્વતંત્રતા. સામાજિક સંદર્ભમાં સ્વતંત્રતા એટલે ઈરરેશનલ રુઢિઓ/પરંપરાનો વિરોધ કરવાની સ્વતંત્રતા; જ્ઞાતિઓ અને સમૂહો વચ્ચેના સંબંધોની સ્વતંત્રતા. દલિતોના સંદર્ભમાં અસ્પૃશ્યતા/ભેદભાવના વિરોધની સ્વતંત્રતા. આર્થિક સંદર્ભમાં સ્વતંત્રતાનો અર્થ છે અછત/અભાવ/અસલામતી ન હોય તેવી સ્થિતિ. સ્વતંત્રતા એટલે વ્યક્તિ ઉપરના ગેરવ્યાજબી તમામ નિયંત્રણોનો અભાવ. એક મનુષ્ય તરીકે સંપૂર્ણ અને ભર્યું ભર્યું જીવન જીવવાની વ્યક્તિની શક્તિ; એ સ્વતંત્રતાનો સાચો અર્થ છે. સમાનતાનો અર્થ બધાને સરખી સ્વતંત્રતા એવો થાય; તેથી સમાનતાના હેતુથી વ્યક્તિઓ ઉપર વ્યાજબી નિયંત્રણો મૂકી શકાય. નદીની મોકળાશ કાંઠાઓ વચ્ચે જ શક્ય છે. પણ આ કાંઠાઓના નામે સ્વતંત્રતાનો ભોગ લેવાય ન જાય; તેની ચિંતા કરવી જ પડે !

અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર તરાપ મારવા માટે 'અદાલતના તિરસ્કારહ્નનું હથિયાર પણ છે. સુપ્રિમકોર્ટના વરિષ્ઠ વકીલ અને માનવ અધિકારોના મશાલચી પ્રશાંત ભૂષણને સુપ્રિમકોર્ટે; કોર્ટના તિરસ્કાર માટે દોષિત ઠરાવ્યા છે અને ૨૦ ઓગષ્ટ ૨૦૨૦ના રોજ સજા સંભળાવશે. સુપ્રિમકોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ દુષ્યંત દવે અને ટોચના અનેક બુદ્ધિજીવીઓ પ્રશાંત ભૂષણના સમર્થનમાં બહાર આવ્યા છે. અદાલતના તિરસ્કારનો કાયદો બ્રિટિશ હકૂમત વખતનો છે. ખુદ બ્રિટને ૨૦૧૩માં આ કાયદો રદ કરી દીધો છે; પરંતુ આપણે ત્યાં ચાલુ છે ! અદાલતના તિરસ્કારની જોગવાઈ, પારદર્શકતા અને વાણી સ્વાતંત્ર્યનો ભંગ કરે છે. પ્રશ્ન એ છે કે લોકશાહીમાં, કોર્ટના તિરસ્કારની જોગવાઈ મહત્વની છે કે અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય? જ્યારે ન્યાયતંત્રની ભૂલ થાય ત્યારે વિવિકપૂર્વક તેની ટીકા કરવામાં આવે તો કોર્ટને ખોટું કેમ લાગે? જજની ટીકા અને જજના ચૂકાદાની ટીકા વચ્ચે પાતળી રેખા છે, તે ભૂંસાય છે કે નહીં તે નક્કી કરવાની સત્તા કોર્ટ પાસે છે ! 'તિરસ્કારહ્નના ભયના કારણે સાચી અને સંતુલિત ટીકા કરવાનું ટાળવામાં આવે છે. સત્યને ખુલ્લું કરવામાં તિરસ્કારનો ગુનો બનશે; એવો ભય સતત રહેતો હોય છે. આ સ્થિતિમાં ન્યાયતંત્રની ટીકા કરવાનું જોખમ વિરલા જ ઊઠાવે ! આપણા ન્યાયતંત્રનો પરિચય આ છે : 'દેવડીએ દંડ પામે ચોર મૂઠી જારના; લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે ! પ્રશાંત ભૂષણે ચીફ જસ્ટિસ એસ. એ. બોબડે અને સુપ્રિમકોર્ટ અંગે બે ટ્વીટ કર્યા હતા. તેમણે પોતાના સોગંદનામામાં કહ્યું હતું : "ચીફ જસ્ટિસના કામની આલોચના કરવી તે કોર્ટનું અપમાન નથી કે તેમના અધિકારોને ઓછા કરવાનું નથી; ચીફ જસ્ટિસ જ સુપ્રિમકોર્ટ છે અને સુપ્રિમકોર્ટ ચીફ જસ્ટિસ છે; એમ માનવું તે ભારતની સર્વોચ્ચ ન્યાય સંસ્થાને કમજોર કરવા બરાબર છે. મેં જે કંઈ ટ્વીટ કર્યા છે, તે એ પ્રકારના છે કે પાછલા વર્ષોમાં સુપ્રિમકોર્ટની કામકાજની રીત બાબતમાં મારા વાસ્તવિક વિચાર છે. પાછલા છ વર્ષમાં, જસ્ટિસ એસ. એ. બોબડે/જસ્ટિસ રંજન ગોગોઈ/જસ્ટિસ દીપક મિશ્રા અને જસ્ટિસ જે. એસ. ખેહરની ભૂમિકા એ કહેવા માટે વિવશ કરે છે કે તેમણે લોકતંત્રને કમજોર કરવામાં યોગદાન આપ્યું છે ! અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારમાં ન્યાયતંત્રની નિષ્પક્ષ અને મજબૂત આલોચનાનો સમાવેશ થાય છે. તેને કોઈ રીતે અદાલતનો તિરસ્કાર કહી શકાય નહીં." સુપ્રિમકોર્ટને ટ્વીટ કરતા પણ પ્રશાંત ભૂષણનું આ સોગંદનામું આકરું લાગ્યું હશે ! પ્રશાંત ભૂષણ સામે કોર્ટના તિરસ્કારનો બીજો એક કેસ ચાલે છે; જેમાં આરોપ છે કે વર્ષ ૨૦૦૯માં 'તહલકાહ્ન પત્રિકાને આપેલ ઈન્ટરવ્યૂમાં પૂર્વ ન્યાયાધિશો ઉપર ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા હતા; જેના કારણે કોર્ટનો તિરસ્કાર થાય છે ! શું દરેક તંત્રમાં, દરેક અધિકારી દેવદૂત હોય છે? તેમની ભૂલો થતી નથી? તેઓ ભ્રષ્ટ નથી? શું પ્રશાંત ભૂષણે કોર્ટ/જજ વિશે વિવેકહીન ટિપ્પણી કરી હતી? સાચી ટિપ્પણી માટે/સત્ય માટે તેમને સજા થઈ શકે? આ સજાની અસર તો ભારતના નાગરિકોને થવાની છે; બધાંને ચૂપ કરવાનો આશય છે ! પ્રશાંત ભૂષણને નહીં; સત્યને સજા થઈ છે ! આ કેવો ન્યાય? જે વ્યક્તિને, માનવ અધિકારના ભંગ સબબ સુપ્રિમકોર્ટે તડીપાર કરી હતી તેને છોડી મૂકે છે અને માનવ અધિકાર માટે ટિપ્પણી કરનારને સુપ્રમકોર્ટ સજા કરે છે !

# રાજકારણ અને અંધ ભક્તો

આપણે અંધશ્રદ્ધા વિષે તો ઘણું વાંચ્યું હશે, કોઈ બિચારો નસીબના ખેલમાં હારેલા ઓ ને પોતાની આંખોં માટે પ્રભુના દરબારમાં હાથ જોડી પ્રાર્થના કરતા જોયા છે. અને, ફિલ્મના એક્ટરો પાછળ જીવ આપવા સુધી આવનારા પણ સાંભળ્યાં, પણ આ હવે નવા અંધ- ભક્તોની શું વ્યાખ્યા છે તેની જાણવાની મને ઈંતેજારી થઈ. શુ આ કોઈ કોરોના જેવો કોઈ એક નવો ચેપ છે કે જે રાજકીય વર્તુળોમાં ઝેર ની જેમ ફેલાતા વાર નથી લગતી. જોકે કોઈને હસતો જોઈ આપણે પણ હસવું -લાફિંગ કલબની યાદ - આવે તે એક કુદરતની પણ કરામત છે. પણ આ અંધભક્તિ શું છે? જયારે આપણે પ્રભુમાં તલ્લીન થઈ જઈએ છીએ ત્યારે લોકો એને ભક્તિ કહે છે. આ એક ધર્મીકે આસ્થાની વાત છે. પેહલા આપણે ધર્મની કેટલીક વાતો કરી મન સ્વછ કરી લઈએ.

પ્રભુ સાથેની આપણી આત્મિયતા એક પવિત્ર ચિન્હ ગણિ શકાય?. પણ રાજકીય કે સામાજિક દ્રષ્ટિએ જો કોઈ વ્યક્તિ કે જૂથ કોઈ એક જીવિત કે સ્વર્ગવાસી માનવ માટે આટલી આત્મીયતા રાખી તો તે ક્યાંતો તે જરૂરી છે કે તેનો આધાર તેના કર્મ, નીતિ કે વિચારધારા ની પુરી ચકાસણી અને આપણી સમજદારી થે સાથે જો એક સહમતી દર્શાવતો હોય તો જ તેનું વજન પડે છે. અને તેમાં પણ જો આપણે કોઈ ઉઠાંતરી કરી પોતાના પ્રમોશન માટે માર્કેટિંગ ના કરતો હોય તો તેની ભૂલ શોધવા બેસીએ તો તે વ્યાજબી પણ ના જ કહેવાય. પાટે રાજકીય અને ધાર્મિક અંધ ભક્તો માં ગણો ફર્ક છે તે સમજવાની જરૂર લાગે છે.

આમ જુવો તો આપણા ધર્મમાં પણ આ વાતની એક ખાસ મારિયાદ, જેને સમજ પડે તેને માટે છે પણ છે જ. આપણી શ્રી કૃષ્ણ માં આસ્થા છે, ધાર્મિક છે અને કરોડો માણસો તેને પૂજે પણ છે. શ્રીમદ્ ભાગવત ગીતા માં શ્રી કૃષ્ણ અને અર્જુન વચ્ચે જે આત્મિતા હતી તેની આપણે વાર્મ વાર વાતો કરતા હોઈએ છીએ. તે ખરે ખાર તો જ્ઞાન ની મહત્વતા ઉપરજ હતી. જેમે આપણે શ્રી ક્રિષ્ણ નો અર્જુનને સંબોધ તો ઉપદેશ કહીએ છીએ.


ગીતામાં અર્જુન અને શ્રીક્રિષ્ણ ના પૂરો સંવાદ 'આત્મા મંથન અને કર્મની વચ્ચેના સબંધો નો હતો. તે આપણને એક અંધશ્રધા ની અજ્ઞાનતામાંથી જ્ઞાન મેળવવાના સત્યના અજવાળામાં લઈ જાય છે. અહીં પ્રભુમાં આપણી શ્રદ્ધાને એક ચુનોતી મળે છે કારણ કે પ્રભુ કહે છે કે હું છું અને સર્વવ્યાપી છું. પણ મારો વાસ તો તારા આત્મા - કોંન્સીયસ - માં છે. હુંજ તારો ગુરુ છું. અને આ ગુરુનું અસ્થિત્વ માનમંથાન માં મૂક્યું છે. અને આ મન મંથન જેને આપણું કુરુક્ષેત્ર ગણાવાયું છે. અહીં જ તે સત્ય અને અસત્ય, ન્યાય અન્યાય વચ્ચે સાચી માનવતાનું એક જ્ઞાન નું વલોણું ઘણ્યું છે. આની અસર આપણા કર્મ ઉપર પડે છે, જેને - કર્મોને- આપણા ધાર્મિક શાસ્ત્રોમાં ખુબજ મહત્વતા આપવામાં આવી છે. અહીં થી જ ધાર્મિક અજ્ઞાનતા અને અંધશ્રદ્ધા ની સરહદ ની વ્યાખ્યા પ્રભુ શ્રી કૃષ્ણે આપણને આપી છે. અહીં, મૂળ સંદેશ તો જ્ઞાન મેળવવું અને ખુબ ઊંડું મંથન કરી સત્ય અને અસત્ય ની શોધ જ એક જીવવાની ભક્તિ સમજવી ઉપર છે.

જયારે આ શક્તિ આપણે ધીમે ધીમે સ્વાર્થીય વૃત્તિથી ગુમાવવા માંડીએ છીએ ત્યારે જીવન નર્ક જેવું અનુભવીએ છીએ. કારણ કે છેવટે તો આપણો આત્મા પવિત્ર જ છે અને જ્યાં પ્રભુજ્ઞાન - દિવ્યતાનો- નો વાસ છે તે આખરે તો દુઃખ અનુભવે જ છે. તેથી જ આપણને સારા કર્મનું ભાથું બાંધવા માટે આપણ ને વારમવાર શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. માટે જ ગુરુ મહાત્માઓએ ધર્મ અને ધર્મી આસ્થા ને એક વ્યક્તિગત વિષય ગણયો છે અને માનવં ગઢતરનો પાયો ઘણી આ પવિત્ર જ્ઞાન ગંગા ને માનમંથન થી ક્ષણે ક્ષણે સ્વછ રાખવાની શક્તિ કેળવવની વાતો જન્મો-જન્મ થી ઈતિહાસ માં લખાઈ છે. અને એટલેજ આપણે પ્રભુ જે આપણા આત્મા માં વસે છે તેને આપણે હાથ જોડી મસ્તક નમન કરી પ્રાર્થના કરીએ છીએ કે હે પ્રભુ મને તું ઉંડા અંધારામાંથી તેજે તું લઈ જા, અને અસત્યોમાંથી પ્રભુ મને તું સત્યે લઈ જા. અહીં ધર્મ એક વ્યક્તિગત મામલો કહેવાય છે. આ શ્રદ્ધા માં રહેલા માનવીઓ ને ધાર્મિક પ્રચારકો એક અંધશ્રદ્ધા માં ફેરવી પોતાના ફાયદા શોધે છે.

ઘણી વાર કેટલાક પ્રસન્ગો આપણે એવા જોવા મળશે કે સાંજ પડતા વાર લાગશે.સાંભળેલી વાત યાદ આવી: એક મંદિર ના મહા પુરાજીએ વર્ષો સુધી શ્રી વિષ્ણુ ભવાં ની પૂજા કરી અને પ્રભુને પોતા મંદિરમાં દર્શને આવવા આમંત્રણ આપતા રહ્યાં. છેવટે પ્રભુએતો એ સ્વાકારવુજ પડ્યું. દિવસ અને ઘડી નકકી કરાઈ અને પુષ્પોની ચાદર પથરાઈ અને ભવન શ્રી વિષ્ણુ પોતે રથમાંથી ઉતરી મંદીમાં આ પુજારીશ્રી જોડે પ્રવેશ્યા. પૂજા અર્ચના પુરી થી, પ્રભુ ભાર જવા તૈયાર થયા ત્યરે પૂજારી મસ્તક નું છે કરી હાથ જોડી ઉભોં રહ્યો કે પ્રભુ તેને આશીવાર્દ આપશેને જ. પણ, ભગવાન શ્રી વિષ્ણુ મંદિરના દરવાજા બહાર નીકળ્યા તો ત્યાં એક ખુબજ નીચલી કોમનો ફાટેલા કપડામાં વ્યક્તિ વે હાથ જોડી,આંખોમીંચી જેમફવે તેવા શબ્દો જોડી શ્લોકો બોલવા જતો હતો, અભણ અને ગરીબ હતો, પુજારીશ્રીએ તેન ને દૂર જાવ કહ્યું, પણ તે તો પ્રભુનામ માં મશગુલ હતો. પુજારીશ્રી ગુસ્સે થઇ કઈ કેહવા જાય ત્યાંતો તે જુવેછે કે પ્રભુ આ માણસની પાસે આવી આશીર્વાદ આપી દે છે અને પેલાને એ પણ ખબર નથી કે પ્રભુ તેને માથે હાથ ફેરવી ગયા હતા. પ્રભુ પોતાના રથ ઉપર બેસવા પગ ઉંચો કર્યો તો પુજારીશ્રી એ હિંમત કરી પ્રશ્ન કર્યો, હે પ્રભુ મેં આખી જીન્ગી તમારી પૂજાકરી અને આ અછૂત, જેને પુરા શ્લોક પણ બોલતા નથી આવડત તેવાને તમે આશીર્વાદ આપ્યા? પ્રભુ બોલ્યા, હે ભક્ત તેનું મન નિર્મળ છે, તેની ભક્તિ નિઃસ્વાર્થી છે, તો તારી મહત્વતા અને આ પથ્થરોમાંથી બંનેલા મંદિર ની મહત્વતા માટે મારી હાજરી કરવા માટે મને પુજતો હતો, તારામાં માનવતા મને ના દેખાઈ, આનામાં મેં તેના હૃદયમાં નિર્મળતા, સ્વાછતાં અને સરળતા દેખાઈ માટે તે મને વધારે ભાવિ ગયો. એક ગરીબ અને અભણ પણ જયારે પ્રભુ નું નિસ્વાર્થે સ્મરણ કરે છે ત્યારે મોક્ષ મેળમેળવી શકે છે. આજના જમાનામાં તો જ્ઞાન થી જ એક ધાર્મિકનું મન સ્વછ હશે તો તે પોતાનો કર્મનો ધર્મ સારીરીતે સમજી શકશે અને નિષઠા થી પોતાની કામગીરી બજાવશે. પરંતુ એક અંધ શ્રદ્ધા ને કારણે ગઢાયેલો માનવી ઘણા અંધ ભક્તો ઉભા કરી પોતાનું રાજકારણ નો સ્વાર્થ માટે કાર્ય કરશે. અને જો વિચારો કે આજે સત્તાધરી પક્ષ ના પ્રમુખ જયારે એક રાજકીય નેતા જેવાકે આપણા વડાપ્રધાનને દેવોના પણ નેતા કેહવાની હિંમત કરે અને મારા પ્રભુ શ્રી રામને કોઈ નાના બાળક ની જેમ આજ નેતાના એક મોટા જીવિત માનવીની આંગળી પકડી ચાલતા બતાવે તો તે આવી માનસિકતાની મૂર્ખતાનું પ્રઃદર્શન ના કહીએ તો શું? પરંતુ આ વા ટુચકાઓ ખાસ કરી એક રાજકીય અંધશ્રદ્ધાળુ જૂથને આકર્ષવા અને કોઈ એક રાજકીય નેતાની મહત્વતા સ્થપિત કરવા કારાવાતા હોયછે. પરંતુ કોઈ ધાર્મિક વ્યક્તિ કે જૂથ આવું વિચારીજ કેવીરીતે શકે, તે સમજ ની બાહર છે. એક ૭૮ વર્ષના, બિન હાથિયા હિન્દૂ વૃદ્ધ જે પોતાની રોજની પ્રાર્થના માટે જય રહ્યા હતા તેને પોઈન્ટ બ્લેક્ર દુરીથી, રિવોલ્વરથી ગોળી મારનાર હિન્દૂ એમ કહ્યુ કે જેમ રામે રાવણ નો વધ કર્યો તેમ મેં પણ એમ જ કર્યું છે. આવી વ્યક્તિને રાજકીય ભષામાં એક આતંકવાદી જ કહેવાય. પણ તેને હીરો માનનારા ને ભારત ની સેક્યુરીટી કમિટીમાં સ્થાન અપાય છે. આ હીરોના નામે તેની આ અતનાગવડ દિવસ-ઉજવણી કરાય છે અને આખું દ્રશ્યનું નાટક રૂપી ફરી દર્શન કરી ઉજવણી કરાય છે. માનવધર્મ અને રાજ્ય ધર્મ ને લાંછન લગાડે તેવા કર્મો આડે લખો જુવાનિયા બેકાર નોકરીની શોધમાં ફરે છે અને ધન્ધા રોજગાર પુરા ખોરવાઈ ગયા છે, ચીન આપણી ધરતી અંદર ઘૂસી અને આપણે આપણી ધારટીમાંજ પીછે હાટ કરાવે છે પણ અમે તો રામરાજ્ય ને નામે ફક્ત સબ ચંગા હી હે અને વાહ...વાહ ના નામે અંધભક્ત થઇ ને ફરીએ છીએ. જો કોઈ પ્રશ્ન ઉથાવે તો દેશ દ્રોહી, પાકિસ્તાન અને ચીનનો એજન્ટ અને ધર્મ વિરુઢી છે એ વા લેબલો આપી દે છે.

માટે ધર્મ ને અને રાજકારણે કોઈ દિવસ મિક્સ કરવા નહિ અને ધાર્મિક ધર્મ અને રાજધર્મ ના મૂળ સિદ્ધાંતો ને રાજકીય સ્વાર્થ માટે નવી વ્યાખ્યાઓ આપવી ન જોઈ એ. હિન્દૂ ધર્મ ખુબજ મોટો છે પણ તે તમારા આત્મા હોવો જોઈએ. જયારે ભારત દેશ પણ મોટો અને શક્તિશાળી આઝાદી પછી બનાવવામાં આવ્યો છે અને આપણી પાસે સારા અનુભવી ઓફિસરો અને વિજ્ઞાનની ઓ પણ છે. આપણી સરહદે જુવાનો અને સેનાબળ પણ મજબુત છે તેની કોઈ ને સહનક જ નથી. પણ લોકશાઈમાં સરકાર ને પ્રજા, મીડિયા અને વિરિદ્ધ પક્ષ ના નેતાઓ પ્રશ્ન ના પૂછે તો કોણ પુછ શે? અહીં અંધભક્ત તો ત્યારે કહેવાય કે જે લોકો ૨૦૧૪ પેહલા ગાલા ફાડી ફાડી સરકાર વિરુદ્ધ હતા અને જેમણે 'મેં ભી અન્ના હૂં ની ટોપીઓ પેહરી નીકળી પડ્યા હતા તે ઓ આજે આટલી વધતી મોગ્વારી, ગેસના ભાવો અને બેકારી, ઉપરથી ખખડાવી નાખેલી અર્થવ્યવસ્થા અને રોજ વધતા પ્રાઈવેટાઇઝેશન મૂળ સરકારી સેવાઓ વેચી દેવાની નીતિ સામે આંખ આડાકાંન કરી નામો નમઃ ના જાપ જપવામાં લાગી ગયા છે. બધાને જાણે કરોડાધી પતિ થઈ ગયા હોઈ તેમ સ્માર્ટ સિટીના કરોડોની કિંમત ના ફ્લેટ મફત મળવાના હોઈ તેમ માની ખુશ થયા લગતા હોઈ છે. ગમે તેમ પણ તો દરેક ને ખબર છે કે બ્રષ્ટાચાર હવે તો છાપરે ચડી પોકારે છે પણ બ્બ્રષ્ટાચારીઓ ને કલીન ચિટ જેમ કોઈ નેતાની રેલીમાં ફૂલો વરસાવતા હૉય તેમ મળતાં થઈ ગયા છે. ફક્ત સારું કનેક્શન અને પૈસા જોઈએ? પણ બોલવાની છુટત નથી કારણકે પત્રકારો ખરીદાઈ ગયા છે ક્યાંતો ડરી ગયા છે અને બધા અંધભક્ત બની બેસી ગયા છે. પછી આપણને એક રામ રાજ્ય ની સુંદર સ્વપન અને સમર સિટી સાથે જોડી રામ રાજ્ય ની દુનિયામાં લઈ જવાય છે. જો બોલે તો કહે છે બોલે છે પણ હવે અંધભક્ત ની વ્યાખ્યા તો થોડી સમાજ આવી ગઈ છે. બુદ્ધદેવ પંડ્યા.યુનાઈટેડં યુકે.કિંગડમ

# સગપણમાં જરૂરી નિમંત્રણ






જ્યારે નવા સંબંધ સાથેનાવાતાવરણમાં જોડાવાની સુગંધ ભળે છે, ત્યારે તે સંબંધ સાથે બીજા કેટકેટલાય લોકોને સાંકળવામાં આવે છે. બે વ્યક્તિ જ્યારે વિધિસર એકસાથે જીવન જીવવાના પ્રણ લઇ રહ્યા હોય અને નવા સંબંધ જોડાવા જઇ રહ્યા હોય ત્યારે બધાં રીતરિવાજો અને વિધિઓમાં સૌથી મોટી બાબત છે દિલથી દિલની સગાઈ. માની લઈએ કે તમે કોઈને તમારા માની લીધાં અને એની સાથે દિલનો સંબંધ બાંધી લીધો તો પછી બીજી વાતોનું કોઈ જ મહત્વ રહેતું નથી. તેમ છતાં દિલથી દિલની સગાઈને બતાવવા માટે એક આયોજનની જરૂર પડે છે, જેનાથી એ બતાવી શકાય છે, કે આ યુવક અને યુવતી એકબીજા સાથે સગાઈનાં બંધનમાં બંધાઈ રહ્યાં છે. આ રીતે એમના પ્રેમભર્યા સંબંધ પર પરિવારની સ્વીકૃતિનો સિક્કો લાગી જાય છે.

સગાઈની તારીખ નક્કી થયા પછી શરૂ થાય છે, મહેમાનોને આમંત્રિત કરવાનું આયોજન. સગાઈના નિમંત્રણનું મહત્વ સૌથી વધુ હોય છે કારણ કે તે વિવાહના રીતરિવાજની શરૂઆતનો પ્રથમ તબક્કો હોય છે. લગ્ન નક્કી થઈ ગયા પછી સગાઈ માટે લોકોને કેવી રીતે આમંત્રિત કરવા તે સમસ્યા ઊભી થાય છે. આ સ્થિતિ ઘણી નાજુક હોય છે, માટે જ સગાઈનું આમંત્રણ આપવા માટે પણ સૌપ્રથમ જેને બોલાવવાના હોય એમનાં નામનું લિસ્ટ તૈયાર કરો. તે પછી સંબંધીઓ તથા મિત્રો સાથેના તમારા સંબંધો કેટલા ગાઢ છે તેનું મૂલ્યાંકન કરી પછી એ મુજબ એમને નિમંત્રણ આપો.

પહેલાના સમયમાં યુવક અથવા યુવતીના લગ્ન નક્કી થઈ ગયા પછી રીતરિવાજો અનુસાર શુભેચ્છકોને આમંત્રિત કરવા માટે વાળંદના હાથે હળદરની ગાંઠ મોકલી દેવામાં આવતી હતી, પરંતુ હાલના આધુનિક સમયમાં આમંત્રણ આપવા માટે હળદરની ગાંઠ નહીં પણ આમંત્રણ કાર્ડનો ઉપયોગ કરવામાં આવે છે. આજની ફાસ્ટ લાઈફમાં લોકો પાસે સમયનો અભાવ હોય છે, માટે દરેકને અગાઉથી જાણ કરવી જરૂરી હોય છે.

સગાઈમાં અતિથિઓને આમંત્રણ કાર્ડ આપીને નિમંત્રિત કરો. નજીકના સંબંધીઓને અને પાડોશીઓનેરૂબરૂ જઈને કાર્ડ આપો. જે દૂરના શહેરમાં રહેતા હોય એમને સગાઈનું આમંત્રણ ટપાલ અથવા કુરિયરથી યોગ્ય સમય પહેલાં મોકલો. જેથી સગાઈના શુભ અવસરે એ લોકો હાજર રહી શકે. ક્યાંક એવું ન બને કે જે દિવસે સગાઈ હોય એ જ દિવસે મહેમાનોને આમંત્રણપત્ર મળે અને ઈચ્છા હોવા છતાં એ લોકો ઉપસ્થિત ન રહી શકે. આમંત્રણ કાર્ડ મોકલ્યા પછી ફોન પર આમંત્રણ આપવાનું ના ભૂલશો. શક્ય છે કે કોઈ કારણસર તમારું કાર્ડ અથવા કાગળ મહેમાનોને મળ્યાં પણ ન હોય.

સગાઈના પ્રસંગે આમંત્રણ આપતા કોઈ એવી ભૂલ ન કરશો જેનાથી સગાઈની મજા બગડી જાય. આફ્ટર ઓલ મિત્રો અને સંબંધીઓની હાજરી જ સગાઈના અવસરને ખુશીઓથી ભરી દે છે. જોકે પ્રસંગની દોડાદોડીમાં એનેકવાર એવું બનતું હોય છે કે કેટલાક મિત્રો કે સ્નેહીઓને આમંત્રણ આપવાનું રહી જાય છે. સગાઇ થઇ ગયા પછી; તેમને ખોટી સ્પષ્ટતા કરવા કરતાજેમને તમે સગાઈમાં આમંત્રણ આપવાનું ભૂલી ગયા હતા, એમના ઘરે મીઠાઈનું બોક્સ લઈને જાઓ અને સગાઈ થઈ હોવાની જાણ કરી લગ્નનું આમંત્રણ આપો.એમને એમ ન કહેશો કે આમંત્રણ આપવાનું ભૂલી ગયા, પરંતુ એમ કહેજો કે બધું એટલી ઉતાવળમાં બની ગયું કે ઈચ્છા હોવા છતાં પણ તમને આમંત્રણ આપી ન શક્યા માટે માફ કરે. જો સંબંધી નજીકની વ્યક્તિ હોય અને તમારી ભૂલના કારણે ન બોલાવી શક્યા હો, તો એમને તમારા ઘરે જમવા માટે બોલાવો. આ રીતે ફરીથી સંબંધને સાકર જેવી મીઠાશમાં સમેટી લો.

ઘરમાં પ્રસંગ હોય એટલે દરેક સંબંધી ઘરઆંગણે આનંદ અને ઉત્સાહથી પધારે તે ખાસ સાચવવું પડે છે. તેમાં પણ નિમંત્રણ જેવી ચૂકને મોટાભાગે ઘણા લોકો માફ કરી શકતા નથી. તેથી જ્યારે પણ સગપણ કે લગ્ન જેવા પ્રસંગો હોય ત્યારે ઘરના ચાર વ્યક્તિઓને મહેમાનોનું તૈયાર કરેલું લિસ્ટ જરૂરથી બતાવો. ઘરમાં પ્રસંગે મહેમાનોનો કલબલાટ અને વડીલોના આશીર્વાદ હશે તો પ્રસંગનો આનંદ બેવડાઇ જશે.

ઘણીવાર જોવા મળ્યું છે કે કેટલાક ઘરમાં તો ફક્ત ચાર માણસ જઇને જ સગાઇ કરી આવે છે. જોકે તે બાબત દરેકની પરીસ્થિતી પર આધારીત છે. તેમછતાંય એક આનંદના પ્રસંગને પછીથી પણ બધાની સાથે ઉજવી શકાય છે.જીવનમાં આનંદ ક્યારેય એકલા માણી શકાતો નથી અને જ્યારે બે વ્યક્તિ નવા જીવનની શરૂઆત કરવા જઇ રહ્યા હોય ત્યારે તો એકલા આનંદનો ઓચ્છવ કરી જ ન શકાય.

# સાહિત્ય સરિતા






બકો જમાદાર ૩
ડાકુઓનું હૃદય પરિવર્તન
વાર્તા નં:૩
નમસ્તે બાળકો,
ખૂબ ખૂબ વહાલ સહિત..!
ચાલો આજે આપણે નવીન લાગણીભર્યા બકા જમાદારની વાત કરીએ.
બકા જમાદારનું મન કેવું? ઉપર નાળિયેર જેવું કડક ને અંદરથી નરમ ને મીઠું પાણી જેવું . મીઠું મીઠું. મદદગાર પણ. બધાને મદદ કરે ને સેવા કરે. આજે આ વાત એટલે કરવી છે કે તમને પણ શીખવા મળે.

બકા જમાદાર એકવાર બસમાં બેસીને તેમના દીકરા બરકેશને મળવા જતા હતા. સાથે મીઠાઈ ,ચોકલેટ ને ફરસાણ, કચોરી વગેરે લઈને જતા હતા. રસ્તામાં અચાનક જંગલ જેવો રસ્તો આવ્યો. કહેવાય છે કે તે રસ્તે ડાકુઓ બસ રોકે ને બધું લૂટી લે. ડરના માર્યા બધા આંખ મીંચી બેઠા હતા. સમીસાંજ એટલે કે છ કે સાત વાગ્યાનો સમય કહેવાય.

બાળકો, હંમેશા આ પ્રાર્થનાનો સમય કહેવાય. બધા મુસાફરો પોતપોતાના ભગવાનને ,અલ્લાહને યાદ કરી રહ્યા હતા. બસમાં ધીમું સંગીત વાગી રહ્યું હતું. અચાનક એક નાનો છોકરો તેની ધૂનમાં નાચવા લાગ્યો. બધા બાળકો પણ નાચવા લાગ્યા. બસ જઈ રહી છે. બહાર સરસ ઠંડો પવન લહેરાઈ રહ્યો છે. બધા ખુશ છે અને ત્યાં જ ઝટકા સાથે બસ ઊભી રહી ગઈ.

વિચાર્યુ નહોતું ને ત્રણ બુકાનીધારી બસમાં ઘૂસ્યા. બાળકો બિચારાં ડરી ગયા. બધાને નીચે ઉતાર્યા ને સામાન ફેંદી નાંખ્યો. મળ્યો એટલો સામાન લૂંટ્યો ને બધાને કેદ કરી એમની ઝૂપડીમાં લઈ ગયા. ત્યાં છત્રીસ કલાકથી બધાને પૂરી રાખ્યા હતા. પોલીસના ડરથી ડાકૂ પણ બહાર ન નીકળતા. તેવામાં છોકરાઓ પેલા ડાકુના પુત્રો સાથે રમવા લાગ્યા. મુખ્યડાકુનો પુત્ર બીમાર પડ્યો ,ન ખાય ન પીએ. સ્ત્રીઓમાંની એક સ્ત્રીને દયા આવી ને તેની સેવા કરવા લાગી. બકા જમાદાર પણ હવે જોડાયા. બાળકો જૂઓ કોઈ ખરાબ થાય તો આપણે ખરાબ ન જ થવાય. બધા બસના બાળકો પણ હવે ડાકુના દીકરાને તેમની પાસે જે હતું તે રમવા આપવા લાગ્યા. ધીરે ધીરે ડાકુઓનાં મન પણ નરમ પડ્યા. ત્રણ દિવસને બે રાત વીતી ગઈ હતી. બધાનાં કુટુંબી ચિંતા કરતા હતા.
બરકેશ પણ પિતાની રાહ જોતો હતો. જેમ તમે તમારા પિતા પરદેશ જાયને રાહ જુઓ તેમ જ, ને પેલી ચોકલેટની પણ!
ડાકુ તો ડાકુ પણ તેમના પુત્રે પ્રશ્ન કર્યો, "શું હું આ બાળકો જેવો ન બની શકું, ન ભણી શકું?"
હવે બકા જમાદારે ધીરે ધીરે ડાકુઓને સમજાવવા માંડ્યા. તેમના દુખ જાણ્યા ને કહ્યુ, "ભાઈ, તમારી જીંદગી તો નરક બની છે. હવે આ બાળકોની જીંદગી ન બરબાદ કરો."
પોતાના પુત્રોને ખુશ જોઈ ડાકુઓના હૃદય પીગળ્યા, પણ તેમને સરકાર પર ભરોસો ન હતો. બકા જમાદારે જીમ્મેદારી લીધી કે જો તમે સરકારને તાબે થશો ,તો તમારા બધા બાળકોને હું ભણાવીશ. તમારી જેલ પૂરી થશે ત્યારે તમને તમારા બાળકો સોંપી દઈશ. જુઓ કેટલા સરળ હતા એ ..ભલા સાથે ભલા ને બૂરા સાથે પણ ભલા. બાળકો જો આપણે પણ આવા થઈએ ને તો જગતમાં જરૂર પરિવર્તન આવી જાય.
ચાલો, ચાલો, આગળ.
આ વાત ગુજરાતના વાઘોડિયાની છે. પછી તો બધા ડાકુઓએ સરકાર સામે પોતપોતાની બંદૂકો ટેકવી દીધી ને તેમની સ્ત્રીઓ, બાળકોને સરકારે નાની નાની જમીન આપી. વિશ્વામિત્રી નદીનો કાંઠો હરિયાળો થયો ને બકા જમાદારનું નામ ઈતિહાસના પાને ચિતરાયું. વરસો પછી આવું જ સરસ કામ મૂઠી ઊંચેરા માનવી ગણાતા રવિશંકર મહારાજે પણ કર્યુ તે પણ ડાકુને માનવી બનાવીને જ જંપ્યા હતા.

શું શીખ્યા બાળકો? ઉપરથી કડક દેખાવું પણ અંદરથી નરમ ને સભ્ય બનવું. મજબૂરી આવે કદી અમાનવીય ન થવું ને હમેશાં ભલા સાથે ભલા ને બૂરા સાથે પણ ભલા બનવું. જરૂર ક્રુરતા પણ દયાળુતામાં બદલાય જશે. બરકેશ પણ પિતા પાસે કંઈક આવું જ શીખ્યો હશે ને?
મજા આવી બાળકો? જરૂર શીખજો ને સારા બનજો.
વાર્તાના લેખક
જયશ્રી પટેલ

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
NG' N0 :,0033
વિભાગ : પદ્ય
શીર્ષક :મીઠાશ

કોઈની વાત ફરીયાદ આવી ગઈ
મોઢામાં રહેલી મીઠાશ ચાલી ગઇ.
મીઠી મીઠી વાતો કરતાં ન થાકતી,
ઝેરનો મીઠાશ ઘૂટડો પીવડાવી ગઈ.
જૂઠી વાતો કરતી હરહમેશ મીઠાશથી,
હાથથી મિષ્ટાન છે કહે ગળાવી ગઈ.
નિખાલસ મીઠાશભરી હાસ્ય કરીને,
પ્રેમનો પ્યાલો ભરી કડવાશ આપી ગઈ.
મોત તો ના આવી "કૃણાલ" ને
દિલ માં રહેલી મીઠાશ હવે બદલાવી ગઇ.
ટેલર કૃણાલ શાંતિલાલઈાં..સુરત

---

N G O S ( vip ) Member grp
N G no. -- 39
પ્રકાર - પદ્ય -અછાંદસ
શીર્ષક - મધુરતા/ મીઠાશ

કલમ લઈ કાગળ પર નામ એનું ઘૂંટયા કરું,
ઠાલવી દઉં મન આખું,મારામાં એને ભરું,
જે મીઠાશ એનામાં ભરપૂર વાવી હતી,
લજામણીની જેમ એણે મને ખુબ શરમાવી હતી
મોતી જેવા શબ્દો ને મોતી જેવડા આંસુ,
ખારાશ પ્રસરી જાય ભૂંસાઈ જાય અક્ષર
પાછળથી આવીને આંગળીઓથી આંખો દબાવી દેતો,
હળવેથી ચૂમી, મારા આંસુ તું ચૂમી પી લેતો,
મધુરતાથી ભરી દે ક્ષણે ક્ષણ જિંદગીની
ખીલી જાય ખુશીઓ મેઘ ધનુષી રંગોથી.

ભીનું મન બની જાય લીલું છમ્મ,ઉમંગે લહેરાય,
શમણાં થઈ જાય બંધ આંખે પૂરા,હૈયે હેત છવાય.
પ્રફુલ્લા"પ્રસન્ના" અમદાવાદ

---

: NG/ 0064
વિભાગ : પદ્ય (મીઠાશ/ મધુરતા)
શીર્ષક : પગલીની મીઠાશ

કેટકેટલાં વર્ષો વીત્યાં,
ન ટળ્યાં હજી વાંઝિયા મેણાં.
મધુરતાની અનુભૂતિ કાજ;
કડવા તો કેટલાં ઓસડ,
મેં મન મનાવી ગળેથી ઉદરે રેડ્યાં.
આંખે હંમેશા સુકું રણ જડ્યું,
અફાટ હૈયું ઓશિકે ઢળ્યું.
નથી માનતું મન હવે,
જીદે ચડ્યું લોહીનું એક એક કણ હવે.
નહીં ચાલે તારી આ મનમાની,
બાલ કૃષ્ણ હવે તો તું પાડજે
મારાં ઉદરે પગલી નાની.
સમાજના મેણાં તો તો'યે સહી જઈશ,
સ્ત્રીત્વની અધૂરપને કેમ કરી સંભાળું?
વહેલો આવ તું મારાં વ્હાલમ,
અંગે અંગ તડપે તારી કિકિયારીઓ કાજ.
પ્રાર્થના સૂણી દોડ્યો કાન,
ઉદરે થયો એકાએક
આ કેવો મીઠાશનો અહેસાસ?
નેહા બગથરીયા

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
NG No :0051
વિભાગઃ પદ્ય
શીર્ષકઃ" મહીં વહેંચવા હાલી રે લોલ"!
શબ્દઃ મધુરતા/મીઠાશ

પરોઢિયે વલોણાની
ઝાકમઝોળ સંભળાય રે લોલ.. !
મટકીમાં મીઠાશ ભરી
મહિયારણ મહી વહેંચવા હાલી રે લોલ...!
લટકેને મટકે મહીંડા
ઢોળતી સેમાડે હાલી રે લોલ....!
સાદ પાડતી ગોકુળની
ગલીએ ગલીએ હાલી રે લોલ...!
પ્રભાતિયાના ગીતો
હળવે હળવેથી ગાતી હાલી રે લોલ...!
ગાગર ભરેલા મહીંડા
છલકાવતી હાલી રે લોલ....!
ગોકુળની ગોપીઓ
ગોરસ રસ પીવડાવતી હાલી રે લોલ...!
મહીંડાની મધુરતાનો સ્વાદ
અનેરો પ્રેમ આપતી હાલી રે લોલ...!
ઉર્વશી મહેતા
અમદાવાદ.

## અમરેલી જિલ્લામાં થયેલ અતિભારે વરસાદ ના કારણે

# ખરીફ પાક ને થયેલ નુકશાન ની સહાય ચુકવવા તથા મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં ખેડુતોના હિતમાં સુધારો કરવા બાબત : ખેડુત સમાજ - અમરેલી.



જયભારત સાથ જણાવવાનું કે ખેડુત સમાજ ગુજરાત બિનરાજકીય રીતે ખેડુતોના હિતમાં ગ્રામીણ અર્થતંત્રાને સ્પર્શતા સવાલો લઈને કામ કરે છે. ખેડુતોમાં જાગૃતી આવે સંગઠીત થાય , અન્યાયનો અહિંસક માર્ગે થી સામનો કરે અને સરકારી યોજનાઓના મહતમ લાભ ગુજરાત ના ૫૬ લાખ ખેડુતો લેતા થાય એ હેતુથી કામ કરે છે.

છેલ્લા દસ દિવસથી અમરેલી જિલ્લા ના લગભગ વિસ્તાર માં મોટા પ્રમાણમાં સારો એવો વરસાદ પડેલ છે.અને આજ રોજ સુધી હજી પણ વરસાદ ચાલુ છે,જેના કારણે જિલ્લા ના અનેક ખેડુતોના ઉભા પાક જેવા કે તલ,મગ,અડદ,બાજરી,મકાઈ,ચોળી અને જુવાર જેવા પાક નષ્ટ થઈ જવા પામેલ છે,અને ગુજરાત માં પસાસ ટકા થી પણ વધુ જેનું વાવેતર થયું છે એવી મગફળીમાં વધારે પડતા વરસાદ ના હિસાબે પીળી હળદર જેવી થઈ ગઈ છે, જિલ્લા માં મગફળી વાવેતર થયું છે તેમાંથી હાલ વરસાદ અટકે તો ખેડૂતો ને ખર્ચ ના વળતર રૂપે ઉત્પાદન થાય એવું દેખાઈ રહ્યું છે પણ જો વરસાદ ની હેલી આવી રીતે અવિરત ચાલુ રહેશે તો આવનારા સમય માં પણ મગફળી નો પાક સંપૂર્ણ પણે બળી ને ખાખ થઈ જશે,જેને અનુરૂપ સરકાર આ અંગે યોગ્ય સર્વે કરી જે ખેડુતોને નુકશાન થયેલ છે, તેવા ખેડુતો ને આ પાક નુકશાનની સહાય ચુકવવા માટે ગુજરાત સરકાર ને ખેડુત સમાજ - અમરેલી જિલ્લા પ્રમુખ તરીકે ભલામણ પત્ર લખી રહ્યો છું.વધુમાં ગુજરાત સરકાર શ્રી એ મુખ્યમંત્રી કિસાન સહાય યોજના ગુજરાત ના ખેડૂતો માટે રજૂ કરી છે તેમાં જે અતિવૃષ્ટિના માપદંડ નક્કી કર્યા છે એ પ્રમાણે રાજયમાં જીલ્લાના તાલુકા એકમ માં ૪૮ કલાકમાં ૨૫ ઈંચ કે તેથી વધારે વરસાદ પડે તો અતિવૃષ્ટિ ના ધારાધોરણો નકકી કરેલ છે, તેમાં અમરેલી જીલ્લામાં આ વર્ષે છેલ્લા દસ દિવસ માં વરસાદ ૨૫ ઈસ પડ્યો નથી પણ રોજ એકંદર વરસાદ પડવાથી ખરીફ પાક બળી ને ખાક થઈ ગયેલ છે

ગુજરાત સરકાર દ્વારા જેનો ગ્રામ પંચાયત અને ગ્રામ તલાટી મંત્રી ના પંચરોજ કામ કરાવી ને સર્વે કરાવી નુકશાની રૂપે ખેડૂતો ને વળતર ચુકવવામાં આવે અને આગામી સમય માં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના ના અતિવૃષ્ટિ ના માપદંડમાં સુધારો કરી ખેડુતોના હિતમાં યોગ્ય નિર્ણય લેવા આપ સાહેબશ્રીને અમારી માનસર અરજ સાથો ભલામણ છે.

## રાજ્યના ૨૩૪ તાલુકામાં મેઘાની ધમાકેદાર બેટિંગ

# રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદી માહોલ રહેવાની આગાહી



અમદાવાદ,તા.૧૮

બંગાળની ખાડીમાં ૩ સિસ્ટમ સક્રિય થતાં ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વરસાદી સિસ્ટમ યથાવત રહેતા હજુ આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં વરસાદી માહોલ રહેવાની આગાહી છે. રાજયના ૨૪ તાલુકામાં ૪ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. ૩૭ તાલુકામાં ૩ ઈંચ કરતા વધારે વરસાદ, ૫૬ તાલુકામાં ૨ ઈંચ કરતા વધારે વરસાદ અને રાજયના ૧૦૪ તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. હવામાન ખાતાએ જણાવ્યું કે, આગામી પાંચ દિવસ સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ધોધમાર વરસાદ પડવાની શક્યતા છે. જેમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને દક્ષિણ ગુજરાતના સુરત તથા નવસારીમાં અતિભારે વરસાદ પડવાની આગાહી છે. સુરત, દ્વારકા, ગીર સોમનાથ, બનાસકાંઠા, નર્મદા, ભરૂચ, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, જામનગર, પોરબંદર, જૂનાગઢ, મોરબી અને કચ્છમાં અતિભારે વરસાદ પડશે. જ્યારે પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, આણંદ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, રાજકોટ, અમરેલી, ભાવનગર અને દિવમાં ભારે વરસાદ પડશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૫ દિવસ માછીમારોને દરિયો ના ખેડવા સૂચના અપાઈ છે. હાલમાં એનડીઆરએફની ૧૩ ટીમો કામો કરી રહી છે. ભારે વરસાદને પગલે ૩૫ નદીઓ ઓવરફ્લો થઈ છે. વરસાદના આંકડા પર એક નજર કરીએ તો ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૭૯.૪૪ ટકા વરસાદ પડ્યો છે. રાજ્યમાં હાલ ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ પ્રવર્તી છે. હાલ ગુજરાતમાં એક્ય એવી જગ્યા નથી કે જ્યાં વરસાદ ન પડ્યો હોય. હવામાન વિભાગે જાહેર કરેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૪ તાલુકામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. પરંતુ હાલ ગુજરાતની સ્થિતિ એવી છે કે, ગુજરાતમાં સર્વત્ર પાણી પાણી છે. નદી, નાળા પાણીથી છલકાયા છે. તો રોડ-રસ્તા અને ખેતરોમાં પણ પાણી ભરાયા છે. રાજ્યમાં આજે મંગળવારે સવારથી આઠ વાગ્યા સુધીમાં ૬૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ સુરતના ઉમરપાડામાં ૧.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. તો સાબરકાંઠાના પ્રાંતિજમાં પોણા ૧ ઈંચ વરસાદ ખાબક્યો છે. રાજ્યના સૌથી મોટા સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટીમાં છેલ્લા ૨૪ કલાકમાં સામાન્ય ૨૬ સેન્ટિમીટરનો વધારો થયો છે. આજે ડેમની જળસપાટી ૧૨૧.૩૦ મીટર પર પહોંચી ગઈ છે. ઉપરવાસમાંથી પાણીની આવક ઘટીને ૧૭૭૫૬ ક્યુસેક થઈ છે. હજી પણ ૧૨૦૦ મેગાવોટનાં રિવર બેડ પાવર હાઉસના તમામ યુનિટી બંધ છે.

# રાજ્યમાં સાર્વત્રિક મેઘ મહેર, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ૫૧ ડેમો સંપૂર્ણપણે ભરાયા

રાજકોટ,તા.૧૮

રાજ્યભરમાં મેઘ મહેર છે. ત્યારે ગુજરાતના સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાત અને કચ્છમાં મેઘરાજા મન મૂકીનેવરસી રહ્યાં છે. ભારે વરસાદને પગલે ડેમોમાં પાણીની આવક થઇ છે જેના કારણે એવી સ્થિતી થઇ છેકે, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ૫૧ ડેમો સંપૂર્ણપણે ભરાયા છે. આ તરફ, બનાસકાંઠામાં પરિસ્થિતિ કઇંક વિકટ છે.વરસાદના અભાવે આ જિલ્લાના ડેમોમાં માત્ર ૪.૪૩ ટકા જ પાણી છે એટલે ડેમોના હજુય તળિયા દેખાઇ રહ્યાં છે. રાજ્યમાં ભારે વરસાદ વરસતાં અત્યારે ૯૪ ડેમો હાઇએલર્ટ પર મૂકાયાં છે. ગુજરાતમાં આ વખતે બીજા રાઉન્ડમાં સૌરાષ્ટ્ર , દક્ષિણ ગુજરાત અને કચ્છમાં મેઘરાજાની ધમાકેધાર એન્ટ્રી રહી છે.હજુ ઉત્તર ગુજરાતમાં મેઘરાજાની મહેર રહી નથી. પણ હવામાન વિભાગની આગાહી છેકે, આગામી દિવસોમાં ઉત્તર ગુજરાતમાં ય મેઘરાજા મન મૂકીને વરસી શકે છે.

ત્યારે આ તરફ, ભારે વરસાદને કારણે સૌરાષ્ટ્માં કુલ ૧૪૦ ડેમો પૈકી ૪૬ ડેમો છલોછલ ભરાયાં છે. અત્યારે રાજ્યમાં સૌરાષ્ટ્રના ડેમોમાં સૌથી વધુ ૮૦.૫૨ ટકા પાણીનો જથ્થો ઉપલબદ્ધ છે. જયારે દક્ષિણ ગુજરાતમાં ૧૩ ડેમો પૈકી ૫ ડેમો ભરાઇ ગયાં છે.દક્ષિણ ગુજરાતના ડેમોમાં કુલ ૭૪.૪૨ ટકા પાણી છે.મધ્ય ગુજરાતમાં ૧૭ ડેમો પૈકી ૧ ડેમ સંપૂર્ણપણે ભરાયો છે. આ બધાય ડેમોમાં અત્યારે ૪૧.૯૧ ટકા પાણી સંગ્રહ થયુ છે.ઉત્તર ગુજરાતમાં ૧૫ ડેમોની ડેમોની એવી સ્થિૃતી છેકે , માત્ર ૨૮.૨૨ ટકા જ પાણી છે.

તેમાં ય બનાસકાંઠાના ડેમોમાં તો માત્રને માત્ર ૪.૪૩ ટકા જ પાણી બચ્યુ છે. પાણીની આ સ્થિૃતીને જોતાં ઉત્તર ગુજરાતવાસીઓ મેઘરાજા મન મૂકીને વરસે તેવી કાગડોળે રાહ જોઇને બેઠા છે. રાજ્યમાં અત્યારે વરસી રહેલાં ભારે વરસાદને કારણે ૧૦ ડેમો એલર્ટ પર છે જયારે અન્ય ૧૪ ડેમો વોર્નિંગ પર મૂકાયાંછે.

૮૭ ડેમો એવા છે જેમાં ૭૦ ટકાથી ઓછુ પાણી છે. રાજ્યના કુલ ૨૦૬ ડેમોમાં અત્યારે કુલ મળીને ૬૦.૪૨ ટકા પાણીનો જથૃથો સંગ્રહાયેલો છે. નર્મદા ડેમમાં ય ૫૪.૦૬ ટકા પાણી ઉપલબૃધ છે. મેઘરાજાની મહેરને જોતાં આ વખતે ય ગુજરાતમાં પાણીની કમી નહી થાય.આવનારા દિવસમાં વરસાદી પાણીને કારણે ડેમોની આવકમાં હજુ વધારો થવાની શકયતા છે.

CYMK

# અરવલ્લી : જુગારીઓ, વિદેશી દારુ અને નાસતા ફરતા આરોપીઓ મળી આવવાનો સિલસિલો યથાવત





મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લા પોલીસવડા સંજય ખરાતે જીલ્લામાં ચાલતી અસામાજિક પ્રવૃતિઓ સામે લાલ આંખ કરી જીલ્લા પોલીસ તંત્રને શખ્ત કાર્યવાહી કરવાના આદેશ આપતા સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓમાં રેસ જોવા મળી રહી છે જીલ્લા એસપી તરીકે સંજય ખરાતે ચાર્જ સંભાળ્યા પછી જીલ્લામાં પોલીસ સતત જુગારીઓ, વિદેશી દારૂની હેરાફેરી, વેપલો કરનાર બુટલેગરો અને નાસતા ફરતા આરોપીઓ ઝડપાઈ રહ્યા છે

મોડાસા ટાઉન પોલીસે સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં હારજીત ની બાજી માંડી બેઠેલા ૪ જુગારીઓને રૂ.૧૧૧૦ સાથે ઝડપી પાડ્યા હતા એલસીબી પોલીસે સગીરાના અપહરણના ત્રણ વર્ષથી નાસતા-ફરતા રાજસ્થાનના ત્રણ આરોપીઓ ઝડપી પાડી ભોગ બનનાર પીડિતાને શોધી કાઢી હતી એલસીબી પોલીસે મેઘરજ કોલેજ સામે રહેણાંક મકાનમાં ચાલતા વિદેશી દારૂના વેપલાનો પર્દાફાશ કરી રૂ.૪૮૦૦/- નો દારૂ જપ્ત કર્યો હતો બુટલેગર સલાઉદ્દીન ઉર્ફે સલીમ નસીમ ખાન પઠાણ રેડ જોઈ ફરાર થઈ જતા ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા મેઘરજ પોલીસની આંખ નીચે રહેણાંક મકાનમાં ધમધમતા વિદેશી દારૂના અડ્ડાને એલસીબીએ પર્દાફાશ કરતા સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે

માલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ત્રણ વર્ષ અગાઉ સગીરાનું રાજસ્થાનના શખ્શો અપહરણ કરી જતા જે તે સમયે પોલીસ સ્ટેશનમાં પોક્સો કલમ એક્ટ અને અપહરણનો ગુન્હો નોંધાયો હતો અરવલ્લી એલસીબી પોલીસે જીલ્લામાં ગુન્હા આચરી નાસતા-ફરતા આરોપીઓ અને ગુન્હાનો ભેદ ઉકેલવા કમરકસી છે એલસીબી પોલીસને માલપુર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળતા ત્રણ વર્ષ અગાઉ સગીરાનું અપહરણ કરનાર રાજસ્થાનના સીમલવાડા તાલુકાના બોન્ડેલા ગામના ૧)લાલશંકર નાથાભાઈ ડામોર,૨)નાથાભાઈ રત્નાભાઇ ડામોર અને ૩)જકતાભાઈ રત્નાભાઇ ડામોર નામના આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ ભોગ બનનાર સગીરાને શોધી કાઢી ત્રણ વર્ષ જુના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો

# વલસાડ જિલ્લામાં શિક્ષકોનું નવુ પ્રાથમિક મહાસંઘ બનતા શિક્ષકોમાં ખુશીની લહેર



ગુજરાત રાજયમાં બનેલા નવા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ વલસાડ માં પણ રાજ્ય કક્ષાએ થી હોદ્દેદારો ની પસંદગી કરવામાં આવી. વલસાડ જિલ્લાના શૈક્ષિક મહાસંઘ ના હોદ્દેદારોએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી શુભેચ્છા મુલાકાત કરી હતી.

મહાસંઘના પદાધિકારીઓએ પ્રાથમિક શિક્ષણ અને શિક્ષકોના હિતમાં ,બાળકોના અને શાળાના કાર્ય કરશે તેમ જણાવ્યું હતું. સાથે સંઘ રચનાના દસ્તાવેજો પણ આપ્યા હતા. રાજ્ય લેવલે સંઘની રચના બાદ વલસાડ જિલ્લામાં પણ નવો પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ બનતા પ્રાથમિક શિક્ષક આલમમાં એક લાગણી નો માહોલ જોવા મળ્યો.

સૂત્રોના જણાવ્યા મુજબ પ્રાથમિક શિક્ષકો માટે કામ કરતા જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ વર્ષોથી કાર્યરત છે પરંતુ છેલ્લા કેટલા સમય થી જીલ્લા અને તાલુકાના સિક્ષકો ના કામોમાં ભારે પક્ષ પાતનું વલણ જોવા મળવાથી અને કામોમાં ભારે ગોબાચારી ના કારણે શિક્ષકો માં ભારે નારાજગી જોવા મળી છે.

રાજયમાં નવા બનેલા મહાસંઘની વલસાડ જિલ્લા એકમની રચનામાં પમુખ તરીકે અગાઉ કપરાડા બી.આર.સી.અને હાલે


તાલુકામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અલકેશ છાયાનીવરણી કરવામાં આવી હતી.

મહામંત્રી તરીકે રંઢં શિક્ષક દિલીપભઈ પટેલ સુલપડ પ્રાથમિક શાળા તાલુકા વાપી અને સંગઠન મંત્રી તરીકે રામુભાઇ પઠિયાર સી આર સી બોપી તાલુકા ધરમપુર ની પસંદગી કરવામાં આવી.

જિલ્લાના પ્રમુખ હોદ્દેદારો સહિત કપરાડા તાલુકાના પ્રમુખ રામુભાઈ પટેલ અને એમની ટીમ ની પણ પસંદગી કરવામાં આવી.

આ તમામ હોદ્દે દારોએ શિક્ષણ તાલીમભવનના પ્રાચાર્યની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

અલકેશ છાયા એ વધુમાં જણાવ્યુ કે શિક્ષકોના ઘણા સમયના,શિક્ષણ સંલગ્ન મુશ્કેલીઓ દૂરકરવા ઉપરાંત કપરાડા તાલુકામાં શિક્ષણને સ્પર્શતી સમસ્યાઓ દૂર કરવી તેમની પ્રાથમિકતા રહેશે તેમ જણાવ્યું હતું.



રાજ્ય સરકારે ડેપ્યુટી ડાયરેકટર ઓફ પ્રોસિક્યુશન તરીકે બાપુનગરના પૂર્વ ધારાસભ્ય જગરૂપસિંહ રાજપૂતની કરી નિમણુંક .ગૃહમંત્રી પ્રદીપસિંહ નિમણુક પત્ર આપી રહ્યા છે.

# અમદાવાદના ૨૨ હજાર ડોક્ટર-વકીલોને સર્વિસ ટેક્સ ભરવા સીજીએસટીની નોટિસ

અમદાવાદ,તા.૧૮

સેન્ટ્રલ જીએસટી કમિશનરેટે અમદાવાદમાં પ્રેક્ટિસ કરતા ૨૨ હજાર વકીલો અને ડોક્ટરોએ ભરેલા ૨૦૧૪-૧૫ના ઈક્રમેટક્સ રિટર્ન પરથી વિગતો લઇ સર્વિસ ટેક્સ ભરવાનો થતો હોવાની નોટિસો આપી રિટર્નમાં રૂ. ૧૦ લાખ આવક બતાવી હોય તો હિસાબો, ૨૬એએસ ફોર્મ, સર્વિસના બિલો અને ઈક્રમટેક્સ રિટર્ન સાથે હાજર થવાનો આદેશ આપ્યો છે. મોટા ભાગે વકીલો અને ડોકટરો પોતાના વ્યવસાયની આવક સિવાય ભાડાની આવક, રોયલ્ટીની આવક, લેખન કાર્ય જેવી આવકો ધરાવતા હોય છે.આમ સર્વિસ ટેકસ કાયાદામાં વકીલો અને ડોકટરોને સર્વિસ ટેકસમાંથી મુક્તિ આપવામાં આવી હતી પરંતુ જો કોઇ વકીલો અને ડોકટરો ભાડાની આવક, કમિશનની આવક, રોયલ્ટીની આવક બતાવતા હોય તેવા કિસ્સામાં તેમને સર્વિસ ટેકસ ભરવાની જવાબદારી ઊભી થાય છે. સેન્ટ્રલ જીએસટી ડિપાર્ટમેન્ટે અમદાવાદના ૨૦થી ૨૨ હજાર ડોક્ટરો અને વકીલોને નોટિસ ફટકારતા તેઓ દોડતા થયા છે. કાયદાની જોગવાઇ પ્રમાણે વકીલો અને ડોકટરોને સર્વિસ ટેકસમાં મુક્તિ છે પરંતુ જે કોઇ ધંધાદારી વ્યક્તિ વકીલોની સેવા લે તેમને રિવર્સ ચાર્જ મિકેનીજમમાં સર્વિસ ટેકસ ભરવાની જવાબદારી આવી છે.

આમ વકીલોનો ડેટા અને વેચાણની વિગતો ડિપાર્ટમેન્ટ પાસે આવતા તેની સેવા લેનાર ધંધાદારી વ્યક્તિઓ પર તપાસ કરવામાં આવશે. હજુ સુધી સીજીએસટી ડિપાર્ટમેનેટ માત્ર વર્ષ ૨૦૧૪ અને ૧૫ નો ડેટા માંગ્યો છે. આ ડેટાની ખરાઇ પુરી થયા બાદ વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮નો ડેટા માંગવામાં આવશે. સીએ આશિષ ખંધારે કહ્યુ- વકીલની આવક રૂ. ૧૦ લાખ કરતા ઓછી હોય તો તેની સેવા લેનારે રિવર્સ ચાર્જ સર્વિસ ટેક્સ ભરવાની જવાબદારી આવશે નહીં.

# કેશોદ શહેરમાં સી આર પાટીલનાં સ્વાગત માટે ચાલતી તડામાર તૈયારીઓ

## કેશોદના જાહેર માર્ગો પર જોખમકારક કમાનો અને હોડિંગ્ઝ ખડકાયા તંત્ર મૂકપ્રેક્ષક બન્યું.

કેશોદ:(રાજુભાઈ પંડ્યા) ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ કેશોદ શહેરમાં થી પસાર થવાનાં છે ત્યારે વાહવાહી મેળવવા આગેવાનો અને પદાધિકારીઓ માં હોડ લાગી છે. કેશોદ શહેરમાં આવેલા માંગરોળ રોડ કોલેજ રોડ ઉપરના મુખ્ય માર્ગો પર જોખમકારક કમાનો અને હોડિંગ્ઝ ખડકી દેવામાં આવ્યાં છે.

કેશોદ શહેર-તાલુકા માં છેલ્લાં પાંચ દિવસથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે અને હજુ ભારે થી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે ત્યારે જાહેર માર્ગો પર ઉભી કરવામાં આવેલ કમાનો અને હોડિંગ્ઝ લગાવવામાં આવેલાં છે ત્યારે દરિયા કિનારે આવેલ કેશોદ શહેરમાં વાવાઝોડા સાથે ભારે પવન ફૂંકાયો તો જાહેર માર્ગો પર પસાર થનારા નિર્દોષ રાહદારીઓ કે વાહનચાલકો નો ભોગ લેવાશે તો જવાબદારી કોની રહેશે...? તહેવારો માં જાહેર માર્ગો પર એક ટેબલ પણ બહાર ન રાખાવા દેવાં વાળુ તંત્ર મૂકપ્રેક્ષક બની ગયું છે. કેશોદ શહેર-તાલુકા માં કોરોના મહામારી ફેલાઈ છે ત્યારે પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ આવી રહ્યાં છે ત્યારે શક્તિ પ્રદર્શન કરવામાં કોવીડ-૧૯ ની ગાઈડ લાઈન નું ચુસ્તપણે પાલન કરાવવામાં આવશે કે વધું સંક્રમણ થવાથી વધું કોરોના વાયરસ ફેલાય તો જવાબદારી કોની રહેશે...? આગામી દિવસોમાં સંગઠન ની નિમણુંકો થવાની છે ત્યારે ધંધાકિય લાભો મેળવવા પટ્ટા પહેરનારા કુદાકુદ કરી રહ્યાં છે અને ભુલી ગયા છે કે ભારે વરસાદ અને વાવાઝોડાં ની આગાહી વચ્ચે કોરોના નો હાહાકાર છે.

# જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, મોડાસામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




મોટી ઈસરોલ, તા ૧૮

મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત સર પી.ટી.સાયન્સ કોલેજ તથા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, અરવલ્લી ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૭ /૮/ ૨૦૨૦ ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ સંપન્ન થયો. કાર્યક્રમમાં મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના મંત્રી શ્રી તથા સાયન્સ કોલેજ, મોડાસા પ્રભારીમંત્રી શ્રી સુરેન્દ્રભાઈ શાહ તથા પ્રિન્સિપાલ ડો.કે.પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાંત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ના કો-ઓર્ડિનેટર શ્રીમતિ ચંદનબેન તથા જય ભાઈ જોડાઇ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર આર. મોદી દ્વારા કાર્યક્રમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# દાંતીવાડા તાલુકામાં ચોવીસ કલાકમાં ૨ ઈંચ વરસાદ પડતા દાંતીવાડા ડેમમાં પાણીની સપાટી વધી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આજ રોજ દાંતીવાડ તાલુકામાં જોરદાર વરસાદ શરૂ થયો હતો અને ગઈ કાલે સાંજે ના ચાર વાગ્યાથી લઈને આજે ચાર વાગ્યાના સમય દરમિયાન તાલુકામાં ૨ ઈંચ વરસાદ નોધવામાં આવ્યો હતો. તાલુકામાં ખાબકેલા વરસાદ દરમિયાન દાંતીવાડા ડેમમાં નવા પાણીનીછેલ્લા ચોવીસ કલાક માં અઢીફુટ પાણી ની આવક થવા પામી હતી અને ગત રોજ ૫૪૩.૭૫હતી હાલની પાણીની સપાટી ૫૪૬.૩૦ ફૂટ નોધવામાં આવી હતી જયારે પાણીનો આવરો ૬૦૩ ક્યુસેક નોધવામાં આવ્યો હતો. સીપુ ડેમમાં ૫૭૧.૫૮ ફૂટ સપાટી નોધવામાં આવી હતી. જ્યારે ૧૨૨ ક્યુસેક પાણીની આવક સીપુ ડેમમાં નોધવામાં આવી હતી. જેમાં છેલ્લા ચોવીસ કલાકમાં એક ફુટ નવું પાણી આવ્યુંદાંતીવાડા ડેમમાં ૬.૨૧. ટકા અને સીપુ ડેમમાં ૬.૦૦ ટકા જળસંગ્રહ છે. ચોમાસુ પુરૂ થવાને હવે એકાદ મહિના જેટલો સમય બાકી છે, જો આ દરમિયાન બંને ડેમોમાં પાણીની આવકમાં વધારો નહીં થાય તો આગામી ઉનાળામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.

## અનેક અંડરપાસ બંધ કરાયા

# અમદાવાદમાં બે કલાકમાં પૂર્વમાં ૪ તો પશ્ચિમમાં બે ઈંચ વરસાદ



અમદાવાદ,તા.૧૮

અમદાવાદ શહેરમાં સોમવારની રાતે બે કલાકમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતાં ચોતરફ પાણી ભરાવવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. સોમવારની રાતે ૮થી ૧૦ના સમયગાળામાં પૂર્વ વિસ્તારોમાં ચાર ઈંચ જેટલો તો પશ્ચિમ વિસ્તારોમાં બે ઈંચ જેટલો વરસાદ પડતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. શહેરમાં બે કલાકમાં સરેરાશ સવા બે ઈંચ જેટલો વરસાદ પડયો હતો. શાહીબાગ અને મીઠાખળી અંડરપાસ વાહનવ્યવહાર માટે બંધ કરવા પડયા હતા જયારે ૧૦૦થી વધુ સ્થળોએ ઘૂંટણસમા પાણી ભરાયા હતા. વરસાદને કારણે રોડ ઉપર પાણી ભરાઇ જતાં વાહનો ખોટકાયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઇ ગયા હતા. અમદાવાદ શહેરમાં સોમવારે રાતે ૮થી ૧૦ના અરસામાં ચકુડિયામાં ૭૦ મીમી,

ઓઢવમાં ૯૯.૫૦ મીમી, વિરાટનગરમાં ૯૫ મીમી, મણિનગરમાં ૭૯ મીમી, વટવામાં ૭૧.૫૦ મીમી, મેમ્કોમાં ૭૫ મીમી, નરોડામાં ૬૬ મીમી, કોતરપુરમાં ૪૬ મીમી વરસાદ પડયો હતો જ્યારે કોટ વિસ્તારના દાણાપીઠમાં ૬૨ મીમી અને દુધેશ્વરમાં ૫૯.૫૦ મીમી વરસાદ પડયો હતો. જ્યારે પશ્ચિમ વિસ્તારના પાલડીમાં ૬૦ મીમી, ઉસ્માનપુરામાં ૪૫ મીમી, ચાંદખેડામાં ૨૬ મીમી અને રાણીપમાં ૩૦.૫૦ મીમી, બોડકદેવમાં ૧૮.૫૦ મીમી, ગોતામાં ૯.૫૦ મીમી અને સરખેજમાં ૧૯ મીમી વરસાદ પડયો હતો જયારે આખા દિવસ દરમિયાનની વાત કરીએ તો સવારે ૬થી સાંજના ૧૦ સુધીમાં મેમ્કોમાં ૧૦૦.૫૦ મીમી એટલે કે, ચાર ઈંચથી વધુ વરસાદ પડયો હતો. ભારે વરસાદને પગલે વાસણા બેરેજના ૨૨, ૨૩ અને ૨૪ નંબરના ત્રણ ગેટ ત્રણ ફુટ સુધી ખોલવાની ફરજ પડી હતી. આ પહેલાં શહેરમાં સોમવારની રાતે ૮ વાગ્યા પછી વરસાદી માહોલ જામ્યો હતો. પહેલાં શહેરના પૂર્વ વિસ્તારોમાં વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરી હતી તો પછી પશ્ચિમ વિસ્તારોમાં મેઘો ફરી વળ્યો હતો. સોમવારે રાતે ૮થી ૯ વાગ્યાના અરસામાં પૂર્વ વિસ્તારોમાં દોઢ ઈંચ જેટલો વરસાદ પડયો હતો. એક કલાકમાં ચકુડિયામાં ૨૭.૫૦ મીમી, ઓઢવમાં ૪૨ મીમી, વિરાટનગરમાં ૩૬.૫૦ મીમી, મણિનગરમાં ૩૦ મીમી અને વટવામાં ૩૯.૫૦ મીમી વરસાદ નોંધાયો હતો જ્યારે પશ્ચિમ વિસ્તારોમાં ઝરમર વરસાદ જોવા મળ્યો હતો. આ એક કલાકમાં પાલડીમાં ૧૭ મીમી અને દાણાપીઠમાં ૧૫ મીમી વરસાદ નોંધાયો હતો જયારે અન્ય વિસ્તારોમાં ચારથી પાંચ મીમી વરસાદ પડયો હતો પછી રાતે ૯ વાગ્યા પછી પશ્ચિમના વિસ્તારોમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઇ હતી.

## વીજતંત્રની બેદરકારીએ ખેડૂતનો ભોગ લીધો

# ભિલોડાના સુનોખ ગામે ખેતીકામ કરી રહેલા ખેડૂત પર વીજતાર પડતા વીજકરંટથી મોત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં વીજતંત્રની બેદરકારીના પગેલે જિલ્લામાં અનેકવાર વીજકરંટ લાગવાની ઘટનાઓ બની છે વીજતંત્ર દ્વારા મેઈન્ટેનન્સના નામે અનેકવાર વીજપુરવઠો બંધ કરી કામગીરી કરવા છતાં લચકાતા વીજતાર ના લીધે વીજકરંટ અને તણખલા ઝરતા આગ લાગવાની ઘટનાઓ અનેકવાર બની રહી છે ભિલોડા તાલુકાના સુનોખ ગામે ખેતરમાંથી પસાર થતી વીજલાઈન ખેડૂત માટે યમદૂત સાબિત થઈ હતી ખેતરમાં કામકાજ કરી રહેલા વૃદ્ધ પર વીજતાર તૂટીને પડતા વીજકરંટ થી ખેડૂતનું પ્રાણ પંખેરું ઉડી જતા પરિવારજનોમાં ભારે શોકાગ્નિ છવાઈ હતી વીજકરંટ થી ખેડૂતનું મોત નિપજતા અરવલ્લી જીલ્લા ક્ષત્રીય ઠાકોરસેનાના પ્રમુખ સંજયજી ઠાકોરે વીજતંત્રની લાલીયાવાડી સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો વીજતંત્રના અધિકારીઓ અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

ભિલોડા તાલુકાના સુનોખ ગામના કચરાભાઈ મોતીભાઈ ડાભી નામના ખેડૂત ખેતરમાં ખેતી કામ કરી રહ્યા હતા ત્યારે ખેતરમાંથી પસાર થતી વીજલાઈનનો વીજતાર તૂટી ખેડૂત પર પડતા ખેડૂતને વીજકરંટ લાગતા ખેતરમાં ને ખેતરમાં ઢળી પડ્યા હતા ખેડૂતનું વીજકરંટ થી મોત નિપજતા ભારે ચકચાર મચી હતી વીજકરંટની ઘટનાના પગલે પરિવારજનો અને લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા વીજતંત્રની બેદરકારીના પગલે ખેડૂતને જીવ ગુમાવવો પડતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર વીજતંત્રના અધિકારીઓને લચકતા વીજતારના સમારકામ અંગે વારંવાર રજુઆત કરવા છતાં સમારકામ કરવામાં ન આવતા ખેડૂત પરિવારના મોભીને જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો

# જિલ્લામાં એચ એસ.સી (વિ.પ્ર) માટે ગુજકેટની પરીક્ષા-૨૪ ઓગસ્ટ રોજ યોજાશે

મોડાસા

ગુજરાત માધ્યમિક અને ઉ મા. બોર્ડ શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ( ગુજકેટ) પરીક્ષા-૨૦૨૦ તા.૨૪/૮/ ૨૦૨૦ના રોજ સવારે ૯-૩૦ કલાકથી બપોરના ૪-૩૦ કલાકે મોડાસાની વિવિધ સ્કુલોના ૧૨૦ બ્લોકમાં યોજાશે.

એચ એસ સી (વિ. પ્ર) ગુજકેટ પરીક્ષા મોડાસાની શ્રી. કે. એન. શાહ હાઈસ્કુલમાં ૨૪૦ વિધાર્થીઓ, સી. જી. બુટાલા સર્વોદય હાઈસ્કુલ યુનિટ-૧માં ૨૦૦ વિધાર્થઓ, સી. જી. બુટાલા સર્વોદય હાઈસ્કુલ યુનિટ-૨ ૨૦૦ વિધાર્થઓ, એચ. એલ. પટેલ સરસ્તી વિધાલયમાં-૨૪૦ વિધાર્થી જે.બી શાહ. ઇંગ્લીશ મડીયમ હાઈસ્કુલ ૨૪૦ પ્રાર્થના વિધાલય., મદાપુર કંપા, મોડાસા યુનિટ-૧માં ૨૪૦ વિધાર્થીઓ, પ્રાર્થના વિધાલય મદાપુર કંપા-૨૪૦ વિધાર્થઓ, જીનિયસ ઈસ્યુટીટમાં ૨૦૦ વિધાર્થીઓ, બ્રાઇટ જુનિયર સાયન્સ , કોલેજ ખાતે ૨૦૦ વિધાર્થીઓ બ્રાઇટ જુનિયર સાયન્સ કોલેજ-૨૦૦ વિધાર્થીઓ, ચાણકય વિશ્વ વિધાલય મોડાસા ખાતે ૨૦૦ વિધાર્થીઓ, બી. કનાઇ હાઈસ્કુલ સબલપુર ૨૦૦ વિધાર્થીઓ પરીક્ષા આપશે,

આમ મોડાસા ખાતે વિવિધ સ્કુલોમાં ૧૨૦ બ્લોકમાં ૨૪૦૦ વિધાર્થીઓ પરીક્ષા આપશે એમ અરવલ્લી,જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ એક અખબારી યાદી દ્વારા જણાવ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.